Happy ધનતેરસ

રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

Year : 16 | Issue : 266 | Dt. 6-11-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ

મેલાનિયા ટ્રમ્પનો માસ્ટરપ્લાન સફળ-કરાર પર હસ્તાક્ષર



નવી દિલ્હી, તા.૫

અમેરિકાના પૂર્વ ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધમાં ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે ખેરસોન વિસ્તારના ઓલેશ્કી શહેરમાં માનવતાવાદી સીઝફાયર કરાવવા ખાસ મધ્યસ્થની ભૂમિકા ભજવી. ૨૩ ઓક્ટોબરે બંને દેશોએ દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા. સપ્ટેમ્બરમાં ઓલેશ્કીમાં માનવતાવાદી સંકટની માહિતી મળતા મેલાનિયાએ તાત્કાલિક પગલાં લીધા હતા. આ મધ્યસ્થતાનો ઉદ્દેશ્ય સ્થાનિકોને મદદ પહોંચાડવાનો અને સલામત માર્ગ આપવાનો હતો.

યુક્રેન અને રશિયા વચ્ચેના સંઘર્ષ વચ્ચે અમેરિકાના પૂર્વ ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે એક મોટો દાવો કરીને સૌને ચોંકાવી દીધા છે. સીઝફાયર સંદર્ભે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે ઓલેશ્કી શહેર અને તેની આસપાસના ખેરસોન વિસ્તારમાં માનવતાવાદી સીઝફાયર કરાવવા માટે તેમણે ખાસ મધ્યસ્થ તરીકે ભૂમિકા ભજવી હતી. મેલાનિયા ટ્રમ્પના જણાવ્યા અનુસાર, શુક્રવાર, ૨૩ ઓક્ટોબરના રોજ રશિયા અને યુક્રેન બંને દેશોએ આ સમજૂતી હેઠળ બંને ભાષાઓમાં તૈયાર કરાયેલા દસ્તાવેજો પર સત્તાવાર હસ્તાક્ષર કર્યા છે.

મેલાનિયા ટ્રમ્પે ખુલાસો કર્યો હતો કે તેમને સપ્ટેમ્બર મહિનામાં ઓલેશ્કી વિસ્તારમાં સર્જાયેલા ગંભીર માનવતાવાદી સંકટની માહિતી મળી હતી. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને તેમણે તાત્કાલિક પગલાં ભર્યા હતા. તેમણે પોતાના અંગત પ્રતિનિધિ માર્ક બેકમેનને સૂચના આપી હતી કે તેઓ મેલાનિયા વતી રશિયા અને યુક્રેન બંને દેશોના સત્તાવાળાઓ સાથે સીધી વાતચીત શરૂ કરે અને ઓલેશ્કીમાં શાંતિ સ્થાપવા પ્રયાસો તેજ કરે.

મેલાનિયાના જણાવ્યા અનુસાર, રશિયા અને યુક્રેન બંને પક્ષોએ તેમની પહેલનું સ્વાગત કર્યું હતું અને સ્વીકાર્યું હતું કે અગાઉ આ વિસ્તારમાં યુદ્ધવિરામના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. બંને દેશોએ મેલાનિયા સાથેના સંબંધોનું માન રાખીને તેમને વિશિષ્ટ મધ્યસ્થ તરીકે સ્વીકાર્યા હતા. આ મધ્યસ્થતાનો મુખ્ય ઉદ્દેશ્ય ઓલેશ્કીના ફસાયેલા સ્થાનિક લોકો સુધી તાત્કાલિક જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવાનો અને સામાન્ય નાગરિકો માટે સલામત માર્ગ (સેફ પેસેજ) બનાવી તેમને સુરક્ષિત બહાર કાઢવાનો હતો.

મેલાનિયા ટ્રમ્પે સ્પષ્ટતા કરી હતી કે તેમની આ મધ્યસ્થ ભૂમિકાને સત્તાવાર લેખિત કરારમાં પણ નોંધવામાં આવી છે. આ કરાર બંને દેશોએ સાથે મળીને તૈયાર કર્યો હતો અને તેના પર વિધિવત હસ્તાક્ષર કર્યા હતા. આ મિશન પાર પાડવા માટે અગાઉ યુદ્ધમાં વિખૂટા પડેલા બાળકોને તેમના પરિવારો સાથે મિલાવવા માટે ઉપયોગમાં લેવાયેલા રાજદ્વારી સંપર્ક માધ્યમોનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો. બંને દેશોના સૈન્ય, માનવતાવાદી અને સરકારી અધિકારીઓએ ઉત્કૃષ્ટ તાલમેલ સાથે આ સમગ્ર પ્રક્રિયા પૂરી કરી હતી.

બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની વધારાની ખરીદી અંગેની વાટાઘાટો : ૭૧૦૦ કરોડની ડિફેન્સ ડીલની સંભાવના

ફિલિપિન્સને ભારત આપશે મિસાઈલો



નવી દિલ્હી, તા.૫

ચીન સાથે વધતા તણાવ વચ્ચે ફિલિપિન્સ પોતાની દરિયાઈ તાકાત વધારવા માટે સક્રિય બન્યું છે. દેશ પોતાની સુરક્ષા મજબૂત કરવાના હેતુથી આશરે ૬૦ મિસાઈલો અને ૫ બ્રહ્મોસ સિસ્ટમ ખરીદવાની તૈયારી કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત અને ફિલિપિન્સ વચ્ચે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની વધારાની ખરીદી અંગેની વાટાઘાટો હવે અંતિમ અને નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ફિલિપિન્સ આશરે ૭૦૦ થી ૮૦૦ મિલિયન ડોલર (લગભગ ૬,૨૦૦ થી ૭,૧૦૦ કરોડ રૂપિયા)ની સંભવિત ડીલ હેઠળ ૫ વધારાની બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ અને આશરે ૬૦ મિસાઈલો ખરીદી શકે છે. ભારત અને ફિલિપિન્સ વચ્ચેનો આ પ્રસ્તાવિત કરાર વર્ષ ૨૦૨૨માં થયેલા ૩૭૫ મિલિયન ડોલરના પ્રથમ બ્રહ્મોસ સોદા કરતાં ઘણો મોટો હશે. અગાઉના કરાર હેઠળ ફિલિપિન્સે તેની નૌકાદળ માટે બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ ખરીદી હતી. હવે નવી ખરીદી દ્વારા મનિલા તેની દરિયાકાંઠાની સુરક્ષા અને દરિયાઈ વિસ્તારોની દેખરેખને વધુ મજબૂત કરવા ઈચ્છે છે.

દક્ષિણ ચીન સાગરમાં ચીન અને ફિલિપિન્સ વચ્ચે લાંબા સમયથી દરિયાઈ વિવાદ ચાલી રહ્યો છે. આ વિસ્તારમાં ચીનની વધતી જતી લશ્કરી પ્રવૃત્તિઓ અને બંને દેશો વચ્ચેના સતત સંઘર્ષને કારણે ફિલિપિન્સ તેની સંરક્ષણ તૈયારીઓને ઝડપી બનાવી રહ્યું છે. ફિલિપિન્સના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા આર્સેનિયો એન્ડોલોંગના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે અગાઉ જ વધારાની બ્રહ્મોસ મિસાઈલો ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેના આધારે ભારત સાથેની વાટાઘાટો આખરી તબક્કામાં પહોંચી છે. ફિલિપિન્સના સંરક્ષણ સચિવ ગિલ્બર્ટો ટીઓડોરોએ દિલ્હી ડિફેન્સ ડાયલોગ દરમિયાન પણ બ્રહ્મોસ સિસ્ટમની વધારાની ખરીદી અંગે રજૂઆત કરી હતી. આ સિસ્ટમને ફિલિપિન્સની ઓપરેશનલ જરૂરીયાતો અનુસાર તૈયાર કરી શકાય તે માટે ભારત સાથે તેમની લશ્કરી જરૂરિયાતોની યાદી પણ શેર કરવામાં આવી છે. ભારત અને રશિયાના સંયુક્ત સહયોગથી વિકસાવવામાં આવેલી બ્રહ્મોસ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોમાંની એક છે, જેની ઝડપ આશરે ૨.૮ થી ૩ મચ છે. આ મિસાઈલ જમીન, સમુદ્ર અને હવામાંથી લોન્ચ કરી શકાય છે અને તે દુશ્મનના યુદ્ધ જહાજો તથા જમીન પરના મહત્વના ઠેકાણાઓને સચોટ રીતે નિશાન બનાવવામાં સક્ષમ છે. પાછલા વર્ષે ભારત-પાકિસ્તાન લશ્કરી સંઘર્ષ દરમિયાન બ્રહ્મોસના ઉપયોગ બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે આ મિસાઈલની માંગ અને ચર્ચામાં નોંધપાત્ર વધારો થયો છે.

PoKમાં પાક સેનાનું અંધાધૂંધ ફાયરિંગ

અનેકના મોત : ઘરો પર ઝિંક્યા બોમ્બ, અનેકનાં દર્દનાક મોત, કુરતા પર ફિટકાર

નવી દિલ્હી, તા.૫

પાકિસ્તાનની સરકાર અને સેનાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી છે. PoKના રાવલકોટમાં પોતાના હક માટે અવાજ ઉઠાવી રહેલા નિર્દોષ નાગરિકો પર પાકિસ્તાની રેન્જર્સ, ફ્રન્ટિયર કોર્પ્સ અને પોલીસે અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો તેમજ રહેણાંક વિસ્તારો પર બારૂદ ભરેલા ડ્રોનથી હુમલો કર્યો હતો, જેના અનેક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.



સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ગુરૂવારે સવારે ૮ વાગ્યાની આસપાસ જોઈન્ટ આવામી એક્શન કમિટીના બેનર હેઠળ લોકો શાંતિપૂર્ણ ધરણાં કરી રહ્યા હતા. તે સમયે પાકિસ્તાની સુરક્ષા દળોએ કોઈપણ ચેતવણી આપ્યા વિના પ્રદર્શનકારીઓને ઘેરીને સીધું ફાયરિંગ શરૂ કરી દીધું હતું. માત્ર ૨ કલાકમાં ૭ નિર્દોષ નાગરિકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ૨૩થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અચાનક થયેલા ગોળીબારથી સમગ્ર રાવલકોટ શહેરમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

પાકિસ્તાન આર્મીએ બર્બરતાની સીમા ઓળંગીને પ્રથમ વખત પોતાના જ નાગરિકો વિરુદ્ધ ડ્રોન હુમલાનો સહારો લીધો છે. સેનાએ રસ્તા પર ઉતરેલા પ્રદર્શનકારીઓ ઉપરાંત સામાન્ય નાગરિકોના ઘરોને નિશાન બનાવીને આકાશમાંથી બોમ્બ ઝિંક્યા હતા. સ્થાનિક નેતા સરદાર ઉમર નઝીરે ડ્રોન હુમલા બાદ સ્થળ પરથી મળેલા બોમ્બ અને સળગતા બારૂદના ટુકડા રજૂ કરીને પાકિસ્તાની સેનાના આ કૃત્યનો પર્દાફાશ કર્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે હક માંગતી જનતા વિરુદ્ધ સરકારે યુદ્ધ છેડી દીધું છે. PoKમાં સેનાનો આ અત્યાચાર નવો નથી. સરકારી અને સ્થાનિક આંકડા અનુસાર, ૭ જૂનથી અત્યાર સુધીમાં પાકિસ્તાની સેનાની આવી હિંસક કાર્યવાહીમાં મૃત્યુ પામેલા નાગરિકોની સંખ્યા વધીને ૧૫૩ પર પહોંચી ગઈ છે. જ્યારે પણ સ્થાનિક લોકો અધિકારો માટે અવાજ ઉઠાવે છે, ત્યારે ઈસ્લામાબાદ સરકાર સેના દ્વારા ગોળીઓ વરસાવીને તેમનો અવાજ દબાવી દે છે.

PoKની જનતા લાંબા સમયથી જોઈન્ટ આવામી એક્શન કમિટી હેઠળ ૩૮ વાજબી માંગણીઓને લઈને આંદોલન ચલાવી રહી છે. નીલમ-ઝેલમ હાઇડ્રો પ્રોજેક્ટમાંથી વીજળી ઉત્પન્ન થવા છતાં સ્થાનિક લોકોને મોંઘા ભાવે વીજળી અને લોટ આપવામાં આવે છે. લોકો પોતાના કુદરતી સંસાધનો પર સ્થાનિક અધિકાર, વહીવટી સ્વાયત્તતા અને સરકારી બાબુઓની શાહી સુવિધાઓ બંધ કરવાની માંગ કરી રહ્યા છે. સરકારે વાતચીત કરવાને બદલે ગોળીબારનો રસ્તો પસંદ કર્યો છે.

હિંસક કાર્યવાહી બાદ પાકિસ્તાન સરકારે રાવલકોટ સહિતના વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સેવાઓ સંપૂર્ણપણે બંધ કરી દીધી છે, જેથી સેનાના અત્યાચારની તસવીરો અને વીડિયો બહાર ન આવી શકે. સમગ્ર વિસ્તારમાં સેનાની ગાડીઓ દ્વારા પેટ્રોલિંગ અને નાકાબંધી કરવામાં આવી છે. આટલા ભય અને તણાવપૂર્ણ માહોલ છતાં સ્થાનિક નાગરિકો પોતાના હક માટે રસ્તા પર ડટેલા છે.

'મારા દેશની ધરતી પર જ મરવાનું પસંદ કરીશ'

ફાંસીની સજા છતાં ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરશે શેખ હસીના

ભારતમાંથી વતન પરત ફરવાના નિર્ણય પર અડગ : વતન પહોંચ્યા બાદ તેમની થશે ધરપકડ

નવી દિલ્હી, તા.૫

બાંગ્લાદેશના રાજકારણમાં ફરી એક મોટો વળાંક આવી શકે છે. એક તરફ પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને મૃત્યુદંડની સજા સંભળાવવામાં આવી છે, તો બીજી તરફ તેઓ ભારતમાંથી વતન પરત ફરવાના નિર્ણય પર અડગ છે. ડિસેમ્બર મહિનામાં તેમની વાપસીની વાતે અનેક સવાલો ઊભા કર્યા છે. શું હસીના ખરેખર બાંગ્લાદેશ પહોંચશે અને ત્યાં તેમની રાહમાં શું હશે?

બાંગ્લાદેશના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં વિદ્યાર્થીઓના નેતૃત્વમાં થયેલા જનવિદ્રોહ બાદ સત્તા ગુમાવનાર પૂર્વ વડાપ્રધાન શેખ હસીના ડિસેમ્બરમાં પોતાના વતન પરત ફરવાના નિર્ણય પર અડગ છે. ભારતમાંથી નિર્વાસિત જીવન વિતાવી રહેલાં હસીનાએ એસોસિએટેડ પ્રેસ સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે બાંગ્લાદેશ પાછા ફરવાનો તેમનો નિર્ણય બદલાયો નથી. જોકે, વતન પહોંચ્યા બાદ તેમની ધરપકડ થઈ શકે છે.

બાંગ્લાદેશના વિશેષ ટ્રિબ્યુનલ એ નવેમ્બર ૨૦૨૫માં શેખ હસીનાને માનવતા વિરુદ્ધના ગુના ના કેસમાં તેમની ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૨૦૨૪માં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો દરમિયાન થયેલી ઘાતક કાર્યવાહી માટે અદાલતે તેમને જવાબદાર ઠેરવ્યાં હતાં. સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ના અહેવાલ મુજબ, જુલાઈથી ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન થયેલી હિંસામાં અંદાજે ૧,૪૦૦ લોકોનાં મોત થયાં હતાં. હજારો લોકો ઘાયલ થયા હતા. જોકે, હસીનાએ પોતાની સામેના આરોપો નકારી કાઢ્યા છે અને ટ્રિબ્યુનલના ચુકાદા તથા સુનાવણીની કાયદેસરતા સામે સવાલ ઉઠાવ્યા છે.



અડને ઈમેઇલથી આપેલા જવાબમાં હસીનાએ જણાવ્યું હતું કે જો તેમના નસીબમાં મોત લખ્યું હશે તો તેઓ પોતાના દેશની ધરતી પર પોતાના લોકોની વચ્ચે મરવાનું પસંદ કરશે. તેમણે ધરપકડ, જેલવાસ અથવા અન્ય જોખમોની શક્યતા હોવા છતાં બાંગ્લાદેશ પરત ફરવાનો નિર્ણય દોહરાવ્યો હતો.

શેખ હસીના ઓગસ્ટ ૨૦૨૪માં સત્તા ગુમાવ્યા બાદ ભારત આવી ગયાં હતાં. બાંગ્લાદેશ દ્વારા તેમના પ્રત્યાર્પણ (Extradition)ની વારંવાર માંગ કરવામાં આવી છે, પરંતુ ભારતે તેમને સોંપ્યાં નથી. હસીનાએ વાપસીની ચોક્કસ તારીખ અને માર્ગ જાહેર કર્યો નથી. દરમિયાન, ફેબ્રુઆરી ૨૦૨૬ની ચૂંટણી બાદ તારિક રહેમાનના નેતૃત્વમાં નવી સરકાર સત્તામાં આવી છે અને અવામી લીગ (Awami League)ને ચૂંટણી લડવાની મંજૂરી મળી નહોતી. આવી સ્થિતિમાં હસીનાની સંભવિત વાપસી બાંગ્લાદેશના રાજકારણમાં મહત્વનો મુદ્દો બની શકે છે.

ઘુસણખોરોને દેશ બહાર કઢાશે : શાહ

ઘૂસણખોરો માટે જેટલી છાતી પીટવી હોય પીટી લો': હરિયાણાના કરનાલ ખાતે આયોજિત વિશાળ પદયાત્રા દરમિયાન ગૃહમંત્રીનો વળતો પ્રહાર

નવી દિલ્હી, તા.૫

કરનાલમાં આયોજિત પદયાત્રામાં કેન્દ્રીય ગૃહમંત્રીએ વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ૩ કરોડ શંકાસ્પદ નામો સામે કડક કાર્યવાહીનો દાવો કર્યો હતો. વિપક્ષના આક્ષેપો સામે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની તૈયારી દર્શાવી હતી. ૨૨ ઓક્ટોબરે શરૂ થયેલા અભિયાનના સમાપન પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રી અને વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

હરિયાણાના કરનાલ ખાતે આયોજિત વિશાળ પદયાત્રા દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીએ વિરોધ પક્ષના નેતા પર સીધો અને આકરો રાજકીય હુમલો કર્યો છે. ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલા સુધારા કાર્યક્રમ વચ્ચે વિપક્ષ તરફથી થતા આક્ષેપો સામે તેમણે ખુલ્લો મોરચો માંડ્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હારનું ઠીકરું બંધારણીય સંસ્થાઓ પર ફોડવાની પ્રવૃત્તિ હવે ચલાવી લેવામાં નહીં આવે. કરનાલના માર્ગો પર યોજાયેલી આ રેલીમાં તેમણે ભારપૂર્વક કહ્યું કે દેશની સુરક્ષા અને લોકતાંત્રિક પ્રક્રિયાને શુદ્ધ રાખવા માટે ગેરકાયદે નામો હટાવવા અત્યંત અનિવાર્ય છે.

રાજકીય ઝુંબેશના સમાપન સત્ર દરમિયાન વિરોધ પક્ષના વલણની આકરી આલોચના કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે પણ ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડે છે ત્યારે બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા પર સવાલો ઊભા કરવામાં આવે છે. આ પ્રકારનું વલણ લોકશાહી ઢાંચાને નુકસાન પહોંચાડી રહ્યું હોવાનું તેમણે પોતાના વક્તવ્યમાં ઉમેર્યું હતું.

વિરોધ પક્ષ દ્વારા લગાવવામાં આવેલા ૧૩ કરોડ નામો રદ કરવાના આક્ષેપોનો તેમણે આંકડાકીય તર્ક સાથે જવાબ આપ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું કે લાખો એવા લોકો છે જેમના કુદરતી અવસાન થઈ ચૂક્યા છે અથવા તેઓ અન્ય રાજ્યોમાં કાયમી



સ્થળાંતર કરી ગયા છે. આ ઉપરાંત ઘણા લોકોના નામ એક કરતાં વધુ સ્થાનો પર નોંધાયેલા હોવાથી પંચ આવા નામો દૂર કરીને યાદી સુધારી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે દેશભરમાં લગભગ ૩ કરોડ એવા લોકો છે જેઓ વહીવટી તપાસ સામે હાજર થવાથી બચી રહ્યા છે. આવા તત્વોને દેશ બહાર કાઢવા માટે સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. વિરોધ પક્ષ પર તુષ્ટિકરણનું રાજકારણ કરવાનો આક્ષેપ મૂકતાં તેમણે કહ્યું કે ભલે ગમે તેટલો વિરોધ કે હોબાળો કરવામાં આવે, પરંતુ દેશની સરહદો અને નાગરિકતાની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.

વિરોધ પક્ષના અગ્રણી દ્વારા વડાપ્રધાન સાથે સામસામે ચર્ચા કરવાના અપાયેલા પડકારનો પણ તેમણે જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમણે જણાવ્યું કે આ વિષય પર ચર્ચા કરવા માટે વડાપ્રધાનની જરૂર નથી. જો વિપક્ષ ખરેખર ગંભીર હોય તો તેમણે ઔપચારિક પત્ર લખવો જોઈએ, સરકાર સંસદનું વિશેષ સત્ર બોલાવીને આ વિષય પર તમામ દસ્તાવેજો સાથે ખુલ્લી ચર્ચા કરવા તૈયાર છે. રસ્તા પર અરાજકતા ફેલાવવાને બદલે સંસદના ફ્લોર પર નિયમબદ્ધ ચર્ચા થવી જોઈએ.

અજીબોગરીબ ગોટાળાઓના દાવા અને જનઅભિયાનનું સમાપન

ગૃહમંત્રીએ યાદીમાં જોવા મળેલી અસંગતતાઓના ઉદાહરણો આપીને સ્થાનિક તંત્રની ભૂલો તરફ આંગળી ચીંધી હતી. તેમણે આશ્ચર્યજનક વિગતો રજૂ કરતાં કહ્યું કે ૧૦ વર્ષના લગ્નગાળામાં ૧૨ બાળકો દર્શાવવામાં આવ્યા હોય કે દીકરો પિતા કરતાં મોટી ઉંમરનો નોંધાયો હોય તેવા કિસ્સા સામે આવ્યા છે. એટલું જ નહીં, માત્ર ૬૦૦ વારના એક સામાન્ય મકાનમાં ૧૩૨ લોકો રહેતા હોવાની નોંધણી થયેલી છે. આ અભિયાન ૨૨ ઓક્ટોબરથી શરૂ થઈને આજે ૫ નવેમ્બરે સંપન્ન થયું હતું, જેમાં કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર, હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને સ્મૃતિ ઈરાની સહિતના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસગિરી સ્ટેશનમાં ઘરે પિતા-પુત્ર બનો : સંઘવી

ગૃહમંત્રીના હસ્તે મોટેરા, વસ્ત્રાલ અને હાંસપુરા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ, પોલીસ જવાનોને આપી શિખામણ



અમદાવાદ, તા. ૫

અમદાવાદ શહેરના ઝડપી ભૌગોલિક વિસ્તાર અને વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા માટે શહેરમાં વધુ ૩ નવા પોલીસ સ્ટેશનોનો ઉમેરો થયો છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવીના હસ્તે મોટેરા, વસ્ત્રાલ અને હાંસપુરા ખાતે નવનિર્મિત પોલીસ સ્ટેશનોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ૩ નવા પોલીસ મથકો કાર્યરત થતાં મેટ્રો સિટી અમદાવાદમાં કુલ પોલીસ મથકોની સંખ્યા ૪૯ થી વધીને હવે ૫૨ થઈ ગઈ છે. આ પ્રસંગે રાજ્યના ડીજીપી જી. એસ. મલિક અને અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ગૃહમંત્રીએ નવા પોલીસ સ્ટેશનોનું સત્તાવાર જાહેરનામું પણ સુપ્રસિદ્ધ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન અમદાવાદ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે જણાવ્યું હતું કે શહેર ચારેય તરફ ઝડપથી વિસ્તરી રહ્યું છે. અમદાવાદમાં હાલ ૫૫ જેટલા મુખ્ય પ્રવેશદ્વાર અને નાના-મોટા મળીને કુલ ૮૫ જેટલા પ્રવેશદ્વારો આવેલા છે. આવી સ્થિતિમાં ગુના નિવારણ અને પેટ્રોલિંગની કામગીરી વધુ સુગમ બને તે માટે અગાઉના ૪૯ મથકોમાં આ ૩ નવા પોલીસ સ્ટેશનો ઉમેરાતા હવે ૫૨ મથકો સાથે પ્રજાની સુખાકારી અને રક્ષણ માટે આ વ્યવસ્થા અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

ગુનેગારના પગ ધ્રૂજવા જોઈએ, સામાન્ય નાગરિક ડર વિના આવવો જોઈએ

નવા પોલીસ સ્ટેશનોનું ઉદ્ઘાટન કરતાં ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવીએ જણાવ્યું હતું કે હાલ પૂરતી આ પોલીસ સ્ટેશનોની વ્યવસ્થા કામચલાઉ સ્થળો પર ઊભી કરવામાં આવી છે જેથી નાગરિકોને પ્રશ્નો કે ફરિયાદો માટે દૂર સુધી જવું ન પડે. પોલીસ જવાનોને સંબોધતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે સામાન્ય નાગરિક જ્યારે પોલીસ સ્ટેશનમાં પગ મૂકે ત્યારે તેના મનમાં કોઈ ડર ન હોવો જોઇએ, પરંતુ ગુનેગાર પ્રવેશે ત્યારે તેના પગ ધ્રૂજવા જોઇએ. પોલીસ સ્ટેશનમાં કોઈ પણ અસામાજિક તત્વ ડર વિના ફરતો ન દેખાવો જોઇએ. તેમણે પોલીસ જવાનોને પ્રેરક સંદેશ આપતાં ઉમેર્યું હતું કે તમારી પોલીસગિરી માત્ર પોલીસ સ્ટેશનની હદ સુધી જ સીમિત રાખો અને ઘરે પહોંચ્યા પછી પરિવાર માટે એક પ્રેમાળ પિતા, દીકરો કે મિત્ર બનીને રહો. ૧૮ કલાકની ફરજ બજાવતી પોલીસને બિરદાવી ગૃહમંત્રીએ નવરાત્રિ દરમિયાન સાતત્યપૂર્ણ સુરક્ષા આપીને રાત્રે ૯ થી સવારે ૯ વાગ્યા સુધી શાંતિપૂર્ણ ગરબા રમાડવા બદલ અમદાવાદ પોલીસની કામગીરીની પ્રશંસા કરી ખાખી વર્ધી પહેરીને સતત ૧૮ કલાક ફરજ બજાવવાની અઘરી કામગીરીને બિરદાવી હતી. આગામી દિવાળીના તહેવારોમાં લારી-ગલ્લા અને પાથરણાંવાળા ગરીબ પરિવારો મોડી રાત સુધી શાંતિથી વેપાર કરી શકે તે માટે પોલીસે પૂરતો સહયોગ આપવા સૂચન કર્યું હતું. નાગરિકોને પણ અપીલ કરતા તેમણે જણાવ્યું કે રસ્તા પર દીવડા કે પૂજા સામગ્રી વેચતા ગરીબ પરિવારો પાસેથી પાંચ-દસ રૂપિયાનો ભાવતાલ ન કરશો, મંદિરમાં દાન કરીએ છીએ તેના ૨૫ ટકા રકમ જો આવા પરિવારો પાસેથી ખરીદીમાં વાપરશો તો તેમના ઘરમાં પણ દિવાળીનો સાચો ઉજાસ પથરાશે.

માતા અને પુત્રી સહિત સુરતના ચાર યાત્રાળુઓના મોત : બે મહિલા લાપતા


ઉત્તરકાશીમાં સુરતની કાર ખીણમાં ખાબકી

રાજકોટ તા. ૫

ઉત્તરાખંડમાં ગંગોત્રી નેશનલ હાઈવે પર ઉત્તરકાશીમાં સુરતવાસીઓ પર કાળ ત્રાટક્યો છે. વહેલી સવારે હરિદ્વારથી ગંગોત્રી ધામના દર્શન કરવા નીકળેલી શ્રદ્ધાળુઓની ગાડી બેકાબૂ થઈને સીધી પહાડી ખીણમાં વહેતી ભાગીરથી નદીમાં ખાબકી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારચાલક અને સુરતના ૩ યાત્રાળુઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને બચાવ ટીમોએ તાબડતોબ બચાવકાર્ય હાથ ધરી ગંભીર રીતે ઘાયલ એક યુવકને બહાર કાઢ્યો હતો જ્યારે નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયેલી અન્ય ૨ મહિલાઓની શોધખોળ યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે.

આ ભયાનક અકસ્માત સવારે લગભગ ૭ વાગ્યે ગંગનાનીમાં આવેલા ધારા કુંડથી આશરે ૨૦ મીટર આગળ ડબરાણી તરફ બન્યો હતો. સુરતથી ઉત્તરાખંડ દર્શને આવેલા શ્રદ્ધાળુઓએ હરિદ્વારથી યુકે-૦૮-ટીએ-૬૦૪૦ નંબરની ઇનોવા કાર ભાડે કરી હતી. ઉત્તરાખંડના પહાડી વિસ્તારોના અત્યંત જોખમી રસ્તાઓ પર તીવ્ર વળાંક આવતા કારચાલકે અચાનક સ્ટેયરિંગ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. જેથી કાર સીધી રસ્તા પરથી નીચે લગભગ ૩૦૦ મીટર ઊંડી ખીણમાં પડીને સીધી ભાગીરથી નદીના વહેણમાં ખાબકી હતી. પહાડી પથ્થરો સાથે અથડાવાના કારણે ગાડીના ફુરચેફુરચા ઉડી ગયા હતા.

આ કરુણ બનાવમાં સુરત નિવાસી માતા અને પુત્રી અશોકબેન પટેલ તથા રુતિકા પટેલ તેમજ ઘનશ્યામભાઈ સરવાલિયા અને સ્થાનિક કાર ડ્રાઈવર સુરેન્દ્રસિંહ સહિત કુલ ૪ લોકોના ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયા હતા. આ ઉપરાંત સુરતના ૧૭ વર્ષીય યુવક વેદાંત અશોકભાઈ પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે



હેલિકોપ્ટરની મદદથી હાયર સેન્ટરમાં ખસેડવાની તજવીજ હાથ ધરાઈ છે. કારમાં સવાર અન્ય ૨ મહિલાઓ સુધાબેન પટેલ અને કિરણબેન પટેલ હજુ પણ લાપતા છે. આ દુર્ઘટનાના સમાચાર સુરત સ્થિત તેમના પરિવારજનોને મળતા સમગ્ર પંથકમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું

અકસ્માતની જાણ થતાં જ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને આ કરુણ દુર્ઘટના અંગે ઉંડો શોક વ્યક્ત કર્યો છે. તેમણે મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકો જલદી સ્વસ્થ થઈ જાય તેવી ભગવાન પાસે કામના વ્યક્ત કરી છે.

સહકાર ભારતી ગુજરાતની બેઠકમાં નવી વરણી

ડો. પ્રવીણભાઈ નિમાવત અને દિપકભાઈ પટેલની નિમણૂક

રાજકોટના બે અગ્રણીઓને સહકારી ક્ષેત્રમાં મહત્વની જવાબદારી સોંપાઈ



રાજકોટ, તા.૫

અમદાવાદ ખાતે સહકાર ભારતી ગુજરાતના વિવિધ પ્રકોષ્ઠના હોદ્દેદારોની એક મહત્વપૂર્ણ બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય અને પ્રદેશ સ્તરના આગેવાનોની ઉપસ્થિતિમાં સમગ્ર ગુજરાતમાં અલગ-અલગ પ્રકોષ્ઠ દ્વારા સહકારી જગતનો પાયો વધુ મજબૂત કરવા માટેનું આહ્વાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંગઠનના રાષ્ટ્રીય સંગઠન મંત્રી સંજયજી પાંચપોલ, પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ પટેલ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ કાંતિભાઈ પટેલ અને ક્ષેત્રીય સંગઠન પ્રમુખ જીવણભાઈ ગોલે સહિતના અનેક પ્રદેશ હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં રાજકોટના બે જાણીતા આગેવાનોને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. જેમાં કેડિટ સોસાયટીના ગુજરાત પ્રાંતના સંયોજક તરીકે રાજકોટના જાણીતા શિક્ષણશાસ્ત્રી, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક, અવધૂત કેડિટના ચેરમેન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઇસ ચેરમેન ડો. પ્રવીણભાઈ નિમાવતની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ અર્બન કો-ઓપરેટીવ બેંકના સૌરાષ્ટ્ર-કચ્છના સંયોજક તરીકે જાણીતા ઉદ્યોગપતિ, જૈન આગેવાન અને વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંકના પૂર્વ વાઇસ ચેરમેન શ્રી દિપકભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. આ નવી જવાબદારીઓ બદલ બંને આગેવાનોને ચોમેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

આ પ્રદેશ બેઠક અને નિમણૂક કાર્યક્રમમાં રાજકોટ મહાનગર સહકાર ભારતીનું પ્રતિનિધિત્વ પણ જોવા મળ્યું હતું. જેમાં રાજકોટ મહાનગરના અધ્યક્ષ ડો. એન.ડી. શીલુ, સંગઠન પ્રમુખ જયેશભાઈ સંઘાણી, મંત્રી વિભાભાઈ મિયાત્રા, કોષાધ્યક્ષ એડવોકેટ અનિરુદ્ધભાઈ નથવાણી અને પ્રકોષ્ઠ સંયોજક યશભાઈ સોજીત્રા સહિતના હોદ્દેદારોએ હાજરી આપી હતી. ઉપરાંત પ્રદેશ મહામંત્રી જેન્તીભાઈ કેવત, રાષ્ટ્રીય સંપર્ક પ્રમુખ વિનોદભાઈ બરોચીયા અને મહિલા પ્રમુખ દીમિબેન પરમાર સહિતના અન્ય આગેવાનો પણ આ બેઠકમાં જોડાયા હતા.

૧.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કરી ૨ ને શોધતી પોલીસ

જુગાર પર પોલીસની તવાઈ, ૮ ઝડપાયા

રાજકોટ, તા.૫

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા જુગાર રમતા ઈસમો પર લાલ આંખ કરવામાં આવી છે, જેમાં સુલતાનપુર અને વિરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે અલગ અલગ બે સ્થળોએ દરોડા પાડીને રોકડ તેમજ વાહનો સહિત ૧,૬૭૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ભાગી ગયેલા બે શખ્સની શોધખોળ આદરાઈ છે.

સુલતાનપુર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ ભીખુભા જાડેજાની ફરિયાદ મુજબ, મેતાખંભાળીયા ગામની સીમમાં વાસાવડી નદીના કાંઠે ખુલ્લી જગ્યામાં બાવળની ઝાડીમાં કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે તીનપત્તીનો જુગાર રમી રહ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે અશ્વિન બાબુભાઇ પરમાર, પીન્ટુ હરેશભાઇ રાદડીયા, વિપુલ મેરામભાઇ ડાંગર, જગદીશ વલ્લભભાઇ રામાણી, નીલેષ મુકેશભાઇ જોષી, ગુણવંત બાવાભાઇ મકવાણા, કરશન મગનભાઇ લુણાગરીયા અને જલાલ ઉર્ફે અકુ ડાયાભાઇ ચાવડા નામના આઠ ઇસમો સામે ગુનો દાખલ કર્યો છે. આરોપીઓમાંથી કરશન લુણાગરીયા સિનિયર સિટીઝન હોવાથી તેમને કોર્ટના હુકમ મુજબ નોટિસ આપવામાં આવી હતી, જ્યારે અન્ય સાત આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. સ્થળ પરથી રોકડ રકમ ૩૦,૩૦૦, પાંચ મોબાઈલ અને પાંચ બાઈક મળીને ૧,૫૪,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જયસુખભાઇ ગરાંભડીયાએ હાથ ધરી છે.

બીજા દરોડામાં વિરપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાજુભાઇ મકવાણાની ફરિયાદ આધારે, પીઠડીયા ગામમાં પ્લોટ વિસ્તારમાં જાહેરમાં



જુગાર રમતા શખ્સો પર મધ્યરાત્રિએ દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા સમયે શૈલેષ ઉર્ફે મનોજ મકરંદ અગ્રાવત અને અલ્પેશ મનુભાઇ ખાચર નામના બે શખ્સોની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે અન્ય બે આરોપીઓ હરીકૃષ્ણ ડાયાભાઇ મકવાણા અને અશ્વિન કરશનભાઇ ચાવડા ભાગી ગયા હતા. પોલીસે જુગારના પટમાંથી રોકડ ૧૨,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી હરી અને અશ્વિનની શોધખોળ આદરી છે. આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઇએ સંભાળી કાયદેસરની કાર્યવાહી કરી છે.

વાડીમાંથી પાંચ લાખથી વધુના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે એક ઝડપાયો, ૨ ફરાર

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. દ્વારા ઉપલેટા પંથકમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરાવતા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં ઉપલેટા ખારચીયા રસ્તા પર આવેલી એક વાડીમાં દરોડો પાડીને લાખો રૂપિયાનો વિદેશી દારૂ પકડી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર હોવાથી તેમને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના એ.એસ.આઈ. હેમંતભાઈ કરશનભાઈ ઝાલાની ફરિયાદ મુજબ, તારીખ ૪ નવેમ્બરના રોજ વહેલી સવારે પોણા પાંચ થી છ વાગ્યાના અરસામાં ઉપલેટા ખારચીયા રસ્તામાં કુંડળ રોડ પર આવેલી અજય રાણીંગભાઈ મકવાણાની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે વાડીમાં તપાસ કરતા પાસ-પરમિટ વગર સંતાડી રાખેલી અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની,૨,૫૩,૬૮૦ની ૧૮૧૨ બોટલો મળી આવી હતી,ઉપરાંત સ્થળ પરથી ૨,૫૦,૦૦૦ ની એક ફોર વ્હીલ કાર અને પાંચ હજારનો એક મોબાઈલ મળીને પોલીસે ૫,૦૮,૬૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ ગુનામાં પોલીસે રોહિત ગંભીરભાઈ ડાંગર નામના યુવાનને સવારે છ વાગ્યે ઘટના સ્થળેથી ઝડપી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ, ઝડપાયેલા આરોપી રોહિતે જામનગર રહેતા ગગજી જીવાભાઈ ભરવાડ (સપ્લાયર) પાસેથી આ વિદેશી દારૂનો જથ્થો મંગાવ્યો હતો અને તેને ઉપલેટામાં રફા પીર પાસે રહેતા અજય રાણીંગભાઈ મકવાણાની વાડીમાં સંતાડ્યો હતો. પોલીસે દારૂ આપનાર ગગજી ભરવાડ અને વાડી માલિક અજય મકવાણા વિરુદ્ધ ગુનો નોંધી બંનેને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી છે. ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાની વધુ તપાસ પાટણવાવ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વાય.એમ.ગોહિલે હાથ ધરી છે.

જાતિસૂચક અપશબ્દ એટ્રોસિટી નથી : HC

SC-ST એક્ટ મામલે ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો : ૧૬ વર્ષ જૂના કેસમાં પુરાવાના અભાવે આરોપીઓની નિર્દોષ



અમદાવાદ, તા.૫

ગુજરાત હાઈકોર્ટે એસસી-એસટી એક્ટ અંગે મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરતાં કહ્યું કે દરેક જાતિસૂચક અપશબ્દ એટ્રોસિટીનો ગુનો નથી. કયા શબ્દો બોલાયા અને કયા સંદર્ભમાં બોલાયા તે સાબિત કરવું જરૂરી છે. બનાસકાંઠાના ૧૬ વર્ષ જૂના કેસમાં પુરાવાના અભાવે આરોપીઓની નિર્દોષ મુક્તિ યથાવત રાખી રાજ્ય સરકારની અપીલ ફગાવી દીધી છે.

બનાસકાંઠાના ૧૬ વર્ષ જૂના કેસમાં ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ કાયદાકીય સ્પષ્ટતા કરી છે. માત્ર જાતિસૂચક શબ્દો બોલવાનો આરોપ પૂરતો નથી, પરંતુ કયા શબ્દો બોલાયા અને કયા સંદર્ભમાં બોલાયા તે સાબિત કરવું જરૂરી છે. પુરાવાના અભાવે આરોપીઓની નિર્દોષ મુક્તિ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાત હાઈકોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ અંગે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દરેક જાતિસૂચક અપશબ્દને આપમેળે એટ્રોસિટીનો ગુનો ગણી શકાય નહીં. કોઈ વ્યક્તિ સામે માત્ર જાતિસૂચક શબ્દો બોલવાનો આરોપ મૂકવાથી જ જઈ-જઝ એક્ટ હેઠળ ગુનો સાબિત થઈ જતો નથી. આ માટે કેસમાં રજૂ થયેલા પુરાવા અને સમગ્ર ઘટનાની હકીકતોનું મૂલ્યાંકન જરૂરી છે.

હાઈકોર્ટે કેસની સુનાવણી દરમિયાન જણાવ્યું કે ફરિયાદમાં જાતિસૂચક અપશબ્દો બોલવામાં આવ્યા હોવાનો સામાન્ય આરોપ પૂરતો નથી. કયા ચોક્કસ શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે સાબિત થવું જરૂરી છે. આ ઉપરાંત, જે શબ્દો બોલવામાં આવ્યા હતા તેનો સંદર્ભ શું હતો અને કઈ પરિસ્થિતિમાં બોલવામાં આવ્યા હતા તે બાબત પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

આ મામલો બનાસકાંઠા જિલ્લાના આશરે ૧૬ વર્ષ જૂના કેસ સાથે સંબંધિત છે. આ કેસમાં અગાઉ નીચલી અદાલતે પુરાવાના અભાવે આરોપીઓને નિર્દોષ મુક્ત કર્યા હતા. જોકે, આ નિર્ણય સામે રાજ્ય સરકાર દ્વારા અપીલ કરવામાં આવી હતી. લાંબા સમય બાદ આ કેસ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પહોંચ્યો હતો, જ્યાં કોર્ટ દ્વારા કેસના પુરાવા અને હકીકતોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

ગુજરાત હાઈકોર્ટે કેસમાં ઉપલબ્ધ પુરાવાઓ અને કાયદાકીય પાસાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારની અપીલ ફગાવી દીધી છે. પરિણામે નીચલી અદાલતે આરોપીઓને આપેલી નિર્દોષ મુક્તિનો નિર્ણય યથાવત રહ્યો છે. આ ચુકાદા સાથે હાઈકોર્ટે જઈ-જઝ એક્ટ હેઠળ નોંધાતા કેસોમાં આરોપોની ચોક્કસતા, પુરાવાની વિશ્વસનીયતા અને ઘટનાના સંદર્ભનું મહત્વ ફરી એકવાર સ્પષ્ટ કર્યું છે.

પીવા-સિંચાઈના પાણી માટે વલખા નહીં મારવા પડે

૪૯૯ કરોડના ખર્ચે ૧૧ નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવાનું આયોજન : નર્મદાના નીરથી ભરાશે જળાશયો, નવા પ્રોજેક્ટ્સને વેગ

રાજકોટ, તા. ૫

સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં નાગરિકોને પીવા માટે શુદ્ધ પાણી અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈનું પાણી મળી રહે તે હેતુથી વ્યાપક સ્તરે આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પાણીની કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજકોટ સર્કિટ હાઉસ ખાતે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) ઈશ્વરસિંહ પટેલે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં પાણીની વર્તમાન સ્થિતિ, ઉપલબ્ધતા અને આગામી આયોજનો અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

આગામી દિવસોમાં નાગરિકોને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે માટે સૌની યોજનાની પાઈપલાઈનની નજીક આવેલા તમામ જળાશયો અને જળસ્રોતોને નર્મદાના નીરથી જોડવાની કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત પરંપરાગત સ્રોતો જેવા કે કૂવા અને બોરવેલને પુનઃ સક્રિય કરી તેમનો મહત્તમ ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પાણી પુરવઠા વિભાગ હેઠળ રાજકોટ ઝોન-૩ માં આવતા રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના ૩૯ તાલુકાઓ અને ૨૨૧૯ ગામોની અંદાજે ૭૯ લાખની વસ્તીને આવરી લેવા માટે ૭૧ ફિલ્ટર પ્લાન્ટ અને ૧૦,૮૫૪





કિલોમીટર લાંબી પાઇપલાઇનનું નેટવર્ક કાર્યરત છે. હાલ ૧૮૦૦થી વધુ ગામોમાં નિયમિતપણે પાણી આપવામાં આવી રહ્યું છે, જ્યારે અન્ય ગામોમાં તાંત્રિક મુશ્કેલીઓ દૂર કરી ઝડપથી પાણી પહોંચાડવા વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે.

પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સૌરાષ્ટ્રના આ પાંચ જિલ્લાઓમાં અંદાજે રૂ. ૫૭૫ કરોડના ખર્ચે ૧૨ પ્રોજેક્ટ્સ હાલ પ્રગતિ હેઠળ છે, જ્યારે રૂ. ૪૯૯ કરોડના ખર્ચે બીજા ૧૧ નવા પ્રોજેક્ટ્સ શરૂ કરવાનું નિર્ધારિત કરાયું છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના સંભવિત અછતવાળા વિસ્તારોમાં વૈકલ્પિક કૂવાઓનું રિનોવેશન, પમ્પિંગ મશીનરીની ક્ષમતા વધારવા અને સૌની યોજનાની પાઇપલાઇન સાથે જોડાણ કરવાની કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવા સૂચના અપાઈ છે.

બીજી તરફ સિંચાઈ ક્ષેત્રે પણ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રણનીતિ ઘડવામાં આવી છે. સૌરાષ્ટ્રના મુખ્ય જળાશયોમાં જુલાઈ ૨૦૨૭ સુધી પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે તે પ્રકારનું સંગ્રહ આયોજન વિચારવામાં આવ્યું છે. ભાદર, શેત્રુંજી, અને મચ્છુ જેવા મોટા જળાશયો સહિત સૌની યોજનાના વિવિધ ફેઝ અને લિંક્સની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આ સિવાય રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, પોરબંદર અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં ચાલી રહેલા નદીઓના ઊંડાણ અને ડિસિલ્ટિંગ, પૂર સંરક્ષણ દીવાલોના નિર્માણ, ચેકડેમ અને બેરેજ બનાવવાની કામગીરીને વધુ ઝડપી બનાવવાની તંત્રને તકીદ કરાઈ છે. તમામ આયોજિત વિકાસકામો ઉચ્ચ ગુણવત્તા સાથે અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂરા થાય તે માટે તમામ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશો આપવામાં આવ્યા છે.

લેસર શો અને ભવ્ય ટેબ્લો કાર્નિવલની જમાવટ

રેસકોર્સમાં યોજાશે પાંચ દિવસીય ફૂડ ફેસ્ટિવલ

ધનતેરસની સાંજે ક્રિકેટ સ્ટેડિયમમાં ભવ્યાતિભવ્ય આતશબાજી અને લેસર શોથી થશે દીપોત્સવનો પ્રારંભ



કાર્નિવલમાં 'નમો ટ્રક' અને દેશભક્તિની થીમ રહેશે મુખ્ય આકર્ષણ

રાજકોટ, તા. ૫

દિવાળીના પર્વને નગરજનો માટે સુવર્ણ સંભારણું બનાવી દેવા અદભુત મહોત્સવનું તાણાવાણા વણવામાં આવ્યા છે. તારીખ છ થી આઠ નવેમ્બર દરમિયાન રેસકોર્સ વિસ્તાર રંગ, રોશની અને દીપાવલીના અલૌકિક ઉજાસથી નવપલ્લવિત થવાનો છે. તંત્ર દ્વારા તૈયાર કરાયેલા ભવ્ય આયોજનમાં આકર્ષક એન્ટ્રી ગેઇટ્સ અને થીમ આધારિત રોશનીએ સમગ્ર રિંગ રોડને સોનેરી અલ્હાદક ચાંદરમાં મઢી દીધો છે. આવતીકાલે ધનતેરસની સંધ્યાએ શ્રી માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમના હરિયાળા મેદાન પર આકાશને અંજાવતી અદભુત આતશબાજી અને મનમોહક લેસર શો યોજાશે, જે આ પાવન ઉત્સવના વિધિવત શ્રીગણેશ કરશે.

શહેરના સ્વાદપ્રેમીઓની જીવાતોને તૃપ્ત કરવા આ પ્રથમ વખત રેસકોર્સ ગ્રાઉન્ડના ઓપન એર થિયેટરમાં પાંચ દિવસીય વિરાટ ફૂડ ફેસ્ટિવલની જમાવટ થવા જઈ રહી છે. શુક્રવારથી સોમવાર સુધી ચાલનારા આ ખાણીપીણીના મહોત્સવ માટે મહાપાલિકા દ્વારા શહેરભરમાં ખાસ્સા લોકપ્રિય એવા પચીસ સ્થાનિક ફૂડ વેપારીઓની સત્તાવાર યાદી જાહેર કરાઈ ચૂકી છે. આ પાંચ દિવસ દરમિયાન રેસકોર્સના પ્રાંગણમાં અવનવી અને ચટાકેદાર વાનગીઓની મહેંક પ્રસરી જશે. આ સમગ્ર ખાદ્ય મહોત્સવની વ્યવસ્થાઓને આખરી ઓપ આપવા પૂર્વ ભાજપ પ્રમુખ કમલેશ મીરાણી અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ ખડેપગે રહીને તડામાર તૈયારીઓમાં પરસેવો પાડી રહ્યા છે.

આ ઉત્સવની રંગતને ચાર ચાંદ લગાવવા સાત અને આઠ નવેમ્બર એમ બે દિવસ માટે અનોખા ટેબ્લો કાર્નિવલનું પણ શાનદાર આયોજન કરાયું છે. આ અંગે વિગતો આપતા મેયર ડો. નેહલ શુકલએ જણાવ્યું હતું કે કુલ છ ભવ્ય ફ્લોટ્સ સાથેનો આ કાર્નિવલ બે દિવસ સુધી દરરોજ સાંજે સાત વાગ્યે, રાત્રે નવ વાગ્યે અને અગિયાર વાગ્યે એમ ત્રણેય સત્રમાં રેસકોર્સ રિંગ રોડ પર ઘૂમશે. કિસાનપરા ચોક આગળ આવેલા મેયર બંગલા પાસેથી પ્રારંભ થતી આ પરેડ રીંગ રોડ પર નગરજનોને અભિવાદન ઝીલશે. આ કાફલામાં સૌથી આગળ આકર્ષણનું કેન્દ્ર બનનાર વિશેષ 'નમો ટ્રક' દોડશે, જેમાં દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવનની પ્રેરણાદાયી સફર એટલે કે સામાન્ય ચા વેચનાર બાળપણથી માંડીને પક્ષના નિષ્ઠાવાન કાર્યકર, ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન પદ સુધીની ગૌરવવંતી ગાથાને આબેહૂબ જીવંત કરવામાં આવશે. ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કશ્યપ શુકલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલી આ 'નમો ટ્રક'ની કલ્પના સૌના આકર્ષણનું કેન્દ્ર બનશે.

આ ભવ્ય પરેડ માર્ગ પર દેશભક્તિના હિલોળા લેતા સૂર સાથે 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા' ની ધૂન સતત ગુંજતી રહેશે. ઘોડેસવારો, મહાપાલિકાની પાયલોટ ગાડીઓ, પાવરફુલ બુલેટ સવારો અને ડી.જે.ના તાલ સાથે ચાલી રહેલા આ કાફલામાં બાળકોના માનીતા ચાલીસ જેટલા કાર્ટૂન પાત્રો અને જોકર્સ હાસ્યના ફુવારા છોડશે. સાથેસાથે ગુજરાતની લોકસાહિત્યિક અને સાંસ્કૃતિક વિરાસત દર્શાવતા ગરબાની ઝાંખી પણ રજૂ થશે. ધનતેરસથી રવિવાર સુધી રિંગ રોડ પર રંગોળી સ્પર્ધા પણ યોજાશે, જે કલાકારોને પોતાની પ્રતિભા દેખાડવાની સુવર્ણ તક પૂરી પાડશે. મનપાના આ વ્યાપક આયોજનથી આ દિવાળી રાજકોટવાસીઓ માટે સ્વાદ, સંસ્કૃતિ, ઉજાસ અને રોમાંચનો અવિસ્મરણીય અનુભવ બની રહેશે.

ધનતેરસે મનપાની સ્ટેન્ડિંગ બેઠક

રણુજા મંદિર પાસે રૂ. ૧૭.૫૦ કરોડના બ્રિજ સહિત ૪૪ વિકાસકાર્યો મંજૂર થવાની સંભાવના

રાજકોટ, તા. ૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પરંપરા મુજબ ધનતેરસના પવિત્ર અવસર પર સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બોલાવવામાં આવી છે અને ચેરમેન પરેશ પીપળીયાના અધ્યક્ષસ્થાને શુક્રવારે સવારે ૧૧:૩૦ કલાકે મળનારી આ મહત્વપૂર્ણ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસને સ્પર્શતી કુલ ૪૪ જેટલી દરખાસ્તો મંજૂર થવાની સંભાવના છે જેના કારણે દિવાળીના તહેવારો ટાણે જ નાગરિકોને વિકાસ કાર્યોની મોટી ભેટ મળવા જઈ રહી છે. બેઠકના એજન્ડામાં શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિક ભારણ ઘટાડવા માટેના નવા બ્રિજથી લઈને સ્માર્ટ સિટી વિસ્તારમાં આધુનિક ફાયર સ્ટેશનના નિર્માણ સુધીના અનેક પ્રોજેક્ટ્સ સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

શહેરના મુખ્ય વિસ્તારોમાં ટ્રાફિકની ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી કોઠારીયા મેઈન રોડ પર રણુજા મંદિર પાસે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ચૂકી છે અને અહીં રૂ. ૧૭.૫૦ કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવા માટે આર્યન કંપનીને કામ સોંપવાની દરખાસ્ત રજૂ કરાઈ છે. વર્તમાન સમયમાં કોઠારીયા મેઈન રોડની પહોળાઈ ચોવીસથી પિસ્તાળીસ મીટર જેટલી છે પરંતુ રણુજા મંદિર પાસે જૂનો બ્રિજ માત્ર આઠથી નવ મીટર જ પહોળો હોવાના



કારણે બોટલનેક જેવી ગંભીર સ્થિતિ સર્જાય છે અને ફોરટ્રેક રોડની વચ્ચે આ નાનો બ્રિજ વાહનચાલકો માટે મુશ્કેલી રૂપ બને છે. આ નવા વિશાળ બ્રિજના નિર્માણથી કોઠારીયા રિંગ રોડની હુડકો ચોકડીથી લઈને નવા રિંગ રોડ સુધી અવરજવર કરતા હજારો વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મોટી રાહત મળશે.

આ ઉપરાંત સામાકાંઠે વોર્ડ નં. ૪ માં ઓમપાર્ક મેઈન રોડ પર વાહનવ્યવહારને સુગમ બનાવવા માટે રૂ. ૨.૮૩ કરોડના ખર્ચે વધુ એક નાનો બ્રિજ બનાવવા વિશાલ પોકીયા એજન્સીને કામ સોંપવાની દરખાસ્ત પણ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી છે. બીજી તરફ વોર્ડ નં. ૧ ના સ્માર્ટ સિટી વિસ્તારમાં અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવું ફાયર સ્ટેશન ઊભું કરવા માટે નરેન્દ્ર પટેલ કંપનીને રૂ. ૧૬.૧૨ કરોડના ખર્ચે કામ આપવામાં આવશે જેથી કટોકટીના સમયમાં ફાયર બ્રિજની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી શકે.

શહેરના તમામ વોર્ડમાં આંતરમાળખાકીય સુવિધાઓને મજબૂત કરવા માટે ડામર રોડ, પેવર કામ અને પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવા માટે મેયર ડા. નેહલ શુકલ દ્વારા વિશેષ પત્ર સાથેની દરખાસ્ત રજૂ કરાઈ છે અને દિવાળીના તહેવારો પૂર્ણ થતાની સાથે જ આ ડામર કામો શરૂ થઈ જશે. તંત્ર દ્વારા સિમેન્ટ રોડની નવી પોલિસી પણ આખરી તબક્કામાં છે અને વૈશ્વિક સ્તરે બદલાતા આર્થિક સમીકરણો વચ્ચે ડામર સસ્તો પડવાની આશા વ્યક્ત થઈ રહી છે જેનાથી મ્યુનિસિપલ તંત્રને નાણાકીય બચત પણ થશે.

આ બેઠકમાં અગાઉની મીટીંગોની પેન્ડીંગ રહેલી દરખાસ્તો પર પણ આખરી મહોર મારવામાં આવશે જેમાં મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે સખી મંડળો અને મિત્ર મંડળોની ગ્રાન્ટમાં વધારો કરવો, વોર્ડ નં. ૧૫ માં નવી વોર્ડ ઓફિસનું નિર્માણ કરવું, ઈલેક્ટ્રિક સાધનોની ખરીદી અને જાળવણી તેમજ સેન્ટ્રલ લાઈટીંગ અને ગાર્ડન નિભાવણી માટે રૂપિયા ૫.૭૨ કરોડના ખર્ચના કાર્યો અને ઉત્સવો ટાણે થતા રૂપિયા ૬૨ લાખના ફુલ ડેકોરેશનના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરીજનો માટે પાણી પુરવઠો, આરોગ્ય સેવાઓ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સફાઈ અભિયાન તેમજ મનપા કર્મચારીઓના તબીબી ખર્ચની સહાયને લગતી અનેકવિધ મહત્વપૂર્ણ દરખાસ્તો પર પણ કાલે અંતિમ નિર્ણય લેવાશે.

દિવાળીમાં ૨૪ કલાક ઝગમગશે શહેર

PGVCLનો 'સ્પેશિયલ એક્શન પ્લાન' તૈયાર, સમગ્ર સ્ટાફ ઓન-ડ્યુટી અને સ્ટેન્ડ-ટુ રહેશે

રાજકોટ તા. ૫

આસો સુદની રળિયામણી રાતો અને ફટાકડાના ધૂમધડાકા સાથે દિવાળી પર્વનો દબદબાભેર પ્રારંભ થઈ ચૂક્યો છે. તહેવારોના દિવસોમાં શહેરીજનોના આનંદ-ઉલ્લાસમાં કોઈ વિઘ્ન ન પડે અને વીજ દુર્ઘટનાઓ અટકે તે માટે ફાયર બ્રિગેડની તર્જ પર પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ દ્વારા પણ માસ્ટર એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. કાલથી શરૂ કરીને દિવાળીની રાત સુધી વીજતંત્રનો તમામ સ્ટાફ રાઉન્ડ ધ ક્લોક ફરજ પર હાજર રહેશે. પ્રકાશના આ મહાપર્વમાં શહેરભરમાં વીજ સપ્લાય અવિરત જળવાઈ રહે તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ઈજનેરોથી લઈને લાઈનમેન સુધીના તમામ કર્મચારીઓને સ્પષ્ટ જવાબદારીઓ સોંપી દેવાઈ છે. આવતીકાલથી દિવાળી સુધી તમામ સ્ટાફ ઓન ડ્યુટી તથા સ્ટેન્ડ-ટુ મોડ પર રહેશે, જેથી કોઈ પણ અણધારી પરિસ્થિતિને ત્વરિત પહોંચી વળી શકાય.

તહેવારો દરમિયાન ફટાકડા કે અન્ય કારણોસર વીજ સ્ટ્રક્ચરમાં ફોલ્ટ સર્જાય કે દુર્ઘટના ઘટે તો તેને પહોંચી વળવા માટે જરૂરી તમામ અર્જન્ટ મટીરિયલ્સ અને સ્પેરપાર્ટ્સનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. નવા ટ્રાન્સફોર્મર સહિતના જરૂરી સાધનો સ્ટેન્ડ-બાય રખાયા છે. સાથોસાથ, ઈમરજન્સી સમારકામ માટે અનુભવી કોન્ટ્રાક્ટરોની ખાસ ટીમો પણ ચોવીસે કલાક ખડેપગે રહેશે. દિવાળીના દિવસોમાં ઘરો, દુકાનો અને જાહેર સ્થળોએ રોશનીનો ઝગમગાટ વધતો હોવાથી વીજળીનો વપરાશ અને લોડ નોંધપાત્ર રીતે વધે છે. વીજ લોડ વધવાને કારણે સિસ્ટમ પર ટ્રિપિંગ કે સપ્લાય ખોરવાઈ જવાની સમસ્યા ન સર્જાય તે માટે ટેકનિકલ ટીમ દ્વારા સતત લોડ મોનિટરિંગ કરવામાં આવશે. તહેવારના દિવસોમાં જો કોઈ વિસ્તાર કે વ્યક્તિગત ગ્રાહકની વીજ સપ્લાય ખોરવાવાની ફરિયાદ મળશે, તો વિલંબ વગર તુરંત જ ટેકનિકલ ટીમને સ્થળ પર રવાના કરવામાં આવશે. સ્થળ પર જ તાત્કાલિક રીપેરીંગ કરીને વીજ પુરવઠો પૂર્વવત કરી દેવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે. વીજતંત્રના આ સુદ્રઢ આયોજનને કારણે આ વખતની દિવાળીમાં નગરજનો કોઈપણ ચિંતા વગર રોશની અને ઉત્સવનો આનંદ માણી શકશે.



સૌનીના વરદાનથી આજી-૧ છલકાશે

નર્મદાના નીરના આગમનથી જળસુરક્ષા વધુ મજબૂત : ૩૧ જુલાઈ ૨૦૨૭ સુધી પીવાના પાણીની અછત નહીં રહે

રાજકોટ, તા. ૫

રાજકોટ શહેરના જીવનદાતા સમાન આજી ડેમમાં સૌની યોજના થકી નર્મદાના નીરની આવકનો શુભારંભ થતાની સાથે જ સમગ્ર શહેરમાં ઉત્સાહ અને રાહતની લાગણી ફેલાઈ ગઈ છે. આ મહત્ત્વપૂર્ણ ઘટનાના ભાગરૂપે જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી સ્વતંત્ર હવાલો ઈશ્વરસિંહ પટેલે આજે આજી ડેમ ખાતે ઉપસ્થિત રહીને નર્મદાનાં નીરનાં વધામણાં કર્યા હતા. રાજ્ય સરકારની દીર્ઘદ્રષ્ટિપૂર્ણ યોજનાઓના કારણે પશ્ચિમ ગુજરાત અને સૌરાષ્ટ્રના આ મુખ્ય નગરની જળસુરક્ષા આગામી દિવસોમાં વધુ સુદ્રઢ બનશે તેવો સ્પષ્ટ સંદેશ આ પ્રસંગે આપવામાં આવ્યો હતો.

આજી ડેમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમની વિગતો આપતા મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે સૌની યોજના મારફતે અત્યાર સુધીમાં આજી ડેમમાં ૨૦ એમ.સી.એફ.ટી. પાણી સફળતાપૂર્વક ઠાલવવામાં આવ્યું છે. આ સતત જળપ્રવાહના પરિણામે વર્તમાન સ્થિતિએ આજીડેમ આશરે ૭૦ ટકા જેટલો ભરાઈ ગયો છે, જે રાજકોટની જનતા માટે મોટા હરખના સમાચાર સમાન છે. રાજકોટવાસીઓની આગામી સમયની પાણીની જરૂરિયાતને અત્યારથી જ ધ્યાનમાં રાખીને એક વ્યુહાત્મક આયોજન કરવામાં આવ્યું છે, જેના અંતર્ગત આગામી તા. ૩૧ જુલાઈ ૨૦૨૭ સુધી પીવાના પાણીની કોઈ પણ પ્રકારની અછત ઊભી ન થાય તે માટે પૂરતો જથ્થો અનામત રાખવાની સુનિશ્ચિત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.


શહેરીજનોની પીવાના પાણીની અનિવાર્ય જરૂરિયાત સુરક્ષિત કર્યા બાદ પણ ડેમમાં ઉપલબ્ધ રહેનાર વધારાના પાણીને ખેડૂતોના હિતમાં વાપરવાની સરકારની નેતૃત્વશીલ નીતિ સ્પષ્ટ કરવામાં આવી છે. મંત્રીએ ઉમેર્યું હતું કે પીવાના પાણીનો જથ્થો સુરક્ષિત રાખ્યા પછી વધારાનું પાણી અન્નદાતા ખેડૂતોને ખેતી અને સિંચાઈના હેતુસર ઉપલબ્ધ કરાવવામાં આવશે. આમ, સૌની યોજના દ્વારા માત્ર રાજકોટની શહેરી જળ જરૂરિયાત જ નહીં પરંતુ કૃષિ ક્ષેત્રને પણ સમૃદ્ધ બનાવવાની દિશામાં નક્કર ડગલાં ભરવામાં આવ્યા છે. રાજકોટની જળસુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખેતીવાડીને જીવંત રાખવા માટે નર્મદાના નીરની આ આવક આશીર્વાદરૂપ સાબિત થશે.

આ શુભ પ્રસંગે રાજકોટના મેયર નેહલભાઈ શુક્લ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ પાણી પુરવઠા તથા સિંચાઈ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહીને નર્મદા મૈયાના વધામણાંમાં સહભાગી બન્યા હતા. નર્મદાના નીરના આગમનથી રાજકોટના નાગરિકોમાં આનંદની લહેર ફેલાઈ છે અને આગામી સમયમાં જળસંકટના તમામ પડકારો સામે કાયમી રાહત મળી રહેશે તેનો વિશ્વાસ દ્રઢ બન્યો છે.



ધનતેરસ ધનતરસ

સમૃદ્ધિ જરૂરી જ છે, પણ ધન કમાવવાનો ઉદ્દેશ ચુકાય નહિ



સનાતનના દૈવી ગ્રંથ વેદ પ્રમાણે ગરીબી એક અભિષાપ સમાન છે. તેથી જીવનમાં સમૃદ્ધિ હોવી જ જોઈએ. હાલના સમયમાં ધનની દોટ ખૂબ જ વધી ગઈ છે. ઘણાં લોકો આ દોડમાં સફળ પણ થાય છે. જો કે, સફળ થયેલાં મોટાભાગનાં સમૃદ્ધ લોકો જિંદગીભર ધન પાછળ સક્રિય રહીને અંતે ગુજરી જાય છે. ધન અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવાના મૂળ ઉદ્દેશનો સાચો ખ્યાલ ન હોવાથી આવું બને છે. સમૃદ્ધિ શા માટે જોઈએ છે, તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ અને તે ઉદ્દેશ જીવનમાં ચોક્કસ પૂરો થવો જોઈએ. ધન ખુદ ક્યારેય સીધી સુખાકારી આપતું નથી. ધનથી માત્ર સુખાકારીના ભૌતિક સાધનો પ્રાપ્ત થાય છે. વળી, સાચી સુખાકારી આ ભૌતિક સાધનોમાં પણ નથી હોતી. વાસ્તવમાં સુખ એ મનની એક પવિત્ર અવસ્થા છે.

દુનિયાના બધા જ ધનવાન લોકો હંમેશાં સુખી જ હોય છે તેવું બિલકુલ નથી. જીવનમાં સુખી થવા માટે અને સુખ માણવા માટે ઉત્તમ તંદુરસ્તી એ સૌથી પહેલી અને અનિવાર્ય બાબત છે. શરીરને ખોખલું કરીને ધન મેળવ્યા બાદ કોઈ પણ ધનિક વ્યક્તિ જીવનમાં સાચું સુખ શું માણી શકે? આ જ કારણોસર આપણી પ્રાચીન કહેવત છે કે 'પહેલું સુખ જાતે નર્યા'. સ્વાસ્થ્ય વગરની સમૃદ્ધિનું વ્યવહારમાં કોઈ જ મૂલ્ય રહેતું નથી.

ધન એ માત્ર જીવન જીવવાનું એક સાધન છે, તે ક્યારેય જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય ન બની શકે. જો લક્ષ્ય માત્ર પૈસા ભેગા કરવાનું બની જાય, તો માનવ જીવન પોતાની અસલી સુંદરતા ગુમાવી બેસે છે.

આજે પવિત્ર ધનતેરસે દરેક વ્યક્તિએ સમૃદ્ધ થવાનો સાચો ઉદ્દેશ અગાઉથી જ નક્કી કરી લેવો જોઈએ. જો ધન મેળવવાનો આ ઉદ્દેશ સ્પષ્ટ નહીં હોય, તો આજના પવિત્ર તહેવાર જેવી ધનતેરસ માત્ર 'ધનતરસ' બનીને રહી જશે. સમૃદ્ધિની સાથે મનની શાંતિ અને ઉત્તમ સ્વાસ્થ્યનો સમન્વય જ વાસ્તવિક અર્થમાં જીવનને સાર્થક બનાવે છે. આ સંતુલન જ માનવ જીવનને સાચી દિશા અને શાશ્વત આનંદ બક્ષે છે. દરેક વ્યક્તિને ધનતેરસની શુભકામના. માત્ર સમૃદ્ધ જ નહિં, સમૃદ્ધિ સાથે સુખાકારી પણ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના.

દલિતો માટે સીટ અનામત ફોર્મ્યુલા સુપ્રીમ નક્કી નહીં કરે

સુપ્રીમ કોર્ટે SC-ST અનામત બેઠકોના રોટેશનની માંગણીને ફગાવી : ૧૯૫૨ થી ઘણી બેઠકો અનામત રાખવામાં આવી હતી

નવીદિલ્હી, તા. ૫

ભારતમાં, લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અમુક બેઠકો અનામત રાખવામાં આવી છે. આ બેઠકો પર ફક્ત સંબંધિત અનામત શ્રેણીના ઉમેદવારો જ ચૂંટણી લડી શકે છે. જો કે, બધા મતદારોને આ બેઠકો પર મતદાન કરવાનો અધિકાર છે. આનો અર્થ એ છે કે મુસ્લિમ, હિન્દુ અથવા અનામત બેઠક પર રહેતા અન્ય સમુદાયના વ્યક્તિ પણ મતદાન કરી શકે છે, પરંતુ મુસ્લિમ ઉમેદવાર સામાન્ય રીતે ત્યાંથી ચૂંટણી લડી શકતો નથી. હવે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે દર થોડા વર્ષે SC-ST અનામત બેઠકો ફેરવવા માટે નિયમો બનાવવાનું કોર્ટનું કામ નથી; આ નિર્ણય સંસદનો છે. આ સિસ્ટમનો એક પાસું મુસ્લિમોના રાજકીય પ્રતિનિધિત્વની પણ ચિંતા કરે છે.

આ કેસ ઉત્તર પ્રદેશના સુલતાનપુર જિલ્લાના ૧૯૧-કાદીપુર વિધાનસભા મતવિસ્તારનો છે. અરજદાર જગદીશ સિંહ આ મતવિસ્તારના મતદાર છે. તેમણે દલીલ કરી હતી કે ૧૯૫૨ માં પ્રથમ વિધાનસભા ચૂંટણીથી કાદીપુર બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવામાં આવી છે. બેઠક લગભગ ૭૫ વર્ષથી અનામત હોવાથી, સામાન્ય શ્રેણીના ઉમેદવારો અહીંથી ચૂંટણી લડી શકતા નથી. અરજદારે દલીલ કરી હતી કે એક જ બેઠકનું લાંબા ગાળાનું અનામત લોકશાહી વિકલ્પોને મર્યાદિત કરે છે. તેમના વકીલે દાવો કર્યો હતો કે છેલ્લા કેટલાક દાયકાઓમાં, ફક્ત ત્રણ કે ચાર પરિવારોને આનો લાભ મળ્યો છે, જે સમગ્ર દલિત સમુદાયના વિકાસમાં અવરોધ ઉભો કરે છે.

અરજીમાં માંગ કરવામાં આવી હતી કે પંચાયત



અને મ્યુનિસિપલ ચૂંટણીઓની જેમ, વિધાનસભા અને લોકસભામાં અનામત બેઠકો માટે રોટેશન લાગુ કરવામાં આવે. એટલે કે, દર થોડી ચૂંટણીઓ પછી અનામત બેઠકો બદલવી જોઈએ. અગાઉ, અલ્હાબાદ હાઈકોર્ટે જૂન ૨૦૨૬ માં અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે સ્વીકાર્યું હતું કે રોટેશન એક સારી સિસ્ટમ હોઈ શકે છે, પરંતુ કોર્ટ તેના અમલીકરણનો આદેશ આપી શકતી નથી. ત્યારબાદ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો. ૪ નવેમ્બરના રોજ, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે અરજી ફગાવી દીધી. ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે બહુપક્ષીય લોકશાહીમાં, મતદારો પાસેથી જાતિ કે ધર્મ કરતાં રાજકીય પક્ષ અને તેની વિચારધારાના આધારે મતદાન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. એવું માનવું યોગ્ય નથી કે કોઈ વિસ્તારમાં બહુમતી સમુદાય હંમેશા તેમની જાતિ કે સમુદાયના આધારે મતદાન કરશે.

તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે અનામત બેઠક હોવાથી વ્યક્તિને મતદાનના અધિકારથી વંચિત રાખવામાં આવતી નથી. તેઓ કોઈપણ ઉમેદવારને મત આપી શકે છે. સામાન્ય શ્રેણીના ઉમેદવારો પાસે અન્ય બિન-અનામત બેઠકો પરથી ચૂંટણી લડવાનો વિકલ્પ પણ છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે અરજદારને તેમની માંગણી સાથે સંસદનો સંપર્ક કરવા કહ્યું. તેમણે ટિપ્પણી કરી કે આ મુદ્દા પર કોર્ટ પાસેથી રાહત માંગવી એ ખોટા દરવાજા ખટખટાવવા જેવું છે. કોર્ટે જણાવ્યું હતું કે તે બંધારણ કે કાયદામાં એવી જોગવાઈ ઉમેરી શકતી નથી જે પહેલાથી અસ્તિત્વમાં નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે અનામત બેઠકોના પરિભ્રમણનો અમલ કરવો એ કાયદાકીય નીતિનો વિષય છે. અરજદાર પોતાના જનપ્રતિનિધિઓ સાથે આ માંગણી ઉઠાવી શકે છે.

ચૂંટણી પંચે નવો કાર્ય ફાળવણી આદેશ કર્યો જારી

મહિનાઓથી ચાલી રહેલી વહીવટી ગતિરોધનો સંપૂર્ણપણે ઉકેલ આવ્યો

નવીદિલ્હી, તા. ૫

ભારતના ચૂંટણી પંચ (ECI) એ ૪ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ એક નવો કાર્ય ફાળવણી આદેશ જારી કર્યો. આ નવો આદેશ કમિશનની અંદર વિભાગોના વિભાજન અને રિપોર્ટિંગ માળખા અંગે છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા આંતરિક વિવાદને સંપૂર્ણપણે ઉકેલે છે. નવા નાયબ ચૂંટણી કમિશનર (DEC), પવન કુમાર શર્માના આગમન સાથે, વહીવટી, IT અને જાહેર ફરિયાદોને લગતી મુખ્ય જવાબદારીઓનું ઔપચારિક રીતે પુનઃવિતરણ કરવામાં આવ્યું છે, જેનાથી આ આંતરિક વિવાદનો સંપૂર્ણપણે અંત આવ્યો છે. વરિષ્ઠ DEC ને રિપોર્ટિંગઃ નવા વહીવટી આદેશ હેઠળ, IT અને જાહેર ફરિયાદ નિવારણ વિભાગના ડિરેક્ટર જનરલ, સીમા ખન્ના હવે સીધા કમિશનને રિપોર્ટ કરશે નહીં, પરંતુ તેમની ફાઇલો વરિષ્ઠ નાયબ ચૂંટણી કમિશનર પવન કુમાર શર્મા



દ્વારા મોકલશે. જૂની સિસ્ટમની પુનઃસ્થાપનાઃ આ નિર્ણય ચૂંટણી પંચના જૂના વહીવટી રિપોર્ટિંગ માળખાને પુનઃસ્થાપિત કરે છે. ૨૮ જુલાઈનો વિવાદાસ્પદ આદેશ - અગાઉ, ૨૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ એક વચગાળાનો કાર્ય આદેશ જારી કરવામાં આવ્યો હતો. આ અંતર્ગત, IT અને ફરિયાદ નિવારણ સંબંધિત વિભાગોને નાયબ ચૂંટણી કમિશનર (DEC) ના કાર્યક્ષેત્રમાંથી દૂર કરવામાં આવ્યા હતા અને સીધા DG (IT) સીમા ખન્નાને સોંપવામાં આવ્યા હતા, જેનાથી તેમને સીધા ચૂંટણી કમિશનરોને રિપોર્ટ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

ચૂંટણી કમિશનરોનો વિરોધ - ચૂંટણી કમિશનરો એસ.એસ. સંધુ અને ડો. વિવેક જોશીએ આ નિર્ણયનો સખત વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ ફેરફાર સમગ્ર ચૂંટણી કમિશન (પૂર્ણ બેન્ચ) ની સંમતિ વિના અચાનક કરવામાં આવ્યો હતો. કેબિનેટ સચિવને પત્રો - વિવાદ એ હદે વધ્યો કે બંને ચૂંટણી કમિશનરોએ આ વહીવટી ફેરબદલનો વિરોધ કરતા કેબિનેટ સચિવને પણ પત્ર લખ્યો. અગાઉના વિવાદાસ્પદ આદેશને સમગ્ર ચૂંટણી કમિશનની મંજૂરી મળી ન હતી. જો કે, ૪ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલ આ નવો આદેશ, સમગ્ર ચૂંટણી કમિશન (મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને બંને ચૂંટણી કમિશનરો) ની સર્વસંમતિથી સત્તાવાર અને લેખિતમાં મંજૂર કરવામાં આવ્યો હતો.

કાર્ય ફાળવણી અંગે, ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ સર્વસંમતિથી નિર્ણયો પર આધારિત કાર્ય ફાળવણીનો આદેશ છે. ડીજી આઇટી સીમા ખન્નાના રિપોર્ટિંગ માળખામાં કોઈ ફેરફાર થયો નથી. તેમણે હંમેશા ડીઈસી-સ્તરના અધિકારીને રિપોર્ટિંગ કર્યું છે. ભારતના ચૂંટણી પંચે ૪ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ નવો કાર્ય ફાળવણી આદેશ જારી કરીને આંતરિક વિવાદનો ઉકેલ લાવ્યો. આ આદેશથી જૂનું રિપોર્ટિંગ માળખું પુનઃસ્થાપિત થયું છે.

દૂધ ઉત્પાદકોના મત ચોરાયા : રાહુલ

મહારાષ્ટ્રમાં ગોકુલ સહકારી ચૂંટણીમાં રાહુલ ગાંધીએ ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યા

નવીદિલ્હી, તા. ૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ગોકુલ દૂધ સહકારી ચૂંટણીના જનાદેશને ઉથલાવી દેવાનો ભાજપ પર પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે દાવો કર્યો કે કોંગ્રેસની આગેવાની હેઠળની પેનલે ભાજપ સમર્થિત મહાયુતિ ગઠબંધનને હરાવ્યા પછી નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ટ્વિટર પર એક પોસ્ટ શેર કરતા તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે ચૂંટણી પછી નિયમો બદલીને ડિરેક્ટર બોર્ડમાં બહુમતી મેળવી. તેમણે આને ''દૂધ ઉત્પાદકોના મત ચોરી'' ગણાવ્યું. કોંગ્રેસના સાંસદે ટ્વિટ કર્યું, ''દૂધ ઉત્પાદકોએ ગોકુલમાં ભાજપને હરાવ્યું. તેથી ભાજપે ચૂંટણી પછી નિયમો બદલી નાખ્યા. ૪ ડિરેક્ટર ઉમેરો, ૧૨ ને ૧૬ બનાવો, બહુમતી ચોરી કરો. આ દૂધ ઉત્પાદકોના મત ચોરી રહ્યું છે... આ જનાદેશની ભેળસેળ છે. ભાજપ એટલી હદે બેચેન છે કે તે દરેક જગ્યાએ સત્તા જાળવી રાખવા માટે કોઈપણ હદ સુધી જઈ રહી છે. દૂધ ઉત્પાદકોના મત ચોરી કરનારાઓએ યાદ રાખવું જોઈએ કે ખેડૂત ક્યારેય ભૂલતો નથી.''

આ પહેલા, કોંગ્રેસના નેતા પવન ખેરાએ પણ પ્રસ્તાવિત ફેરફારો અંગે મહારાષ્ટ્ર સરકાર પર પ્રહાર કર્યા



હતા. ''મહારાષ્ટ્ર સરકાર ગોકુલ મિલ્ક ફેડરેશનમાં દૂધ ઉત્પાદકોના લોકશાહી આદેશને નબળો પાડવાનો નિર્લજ્જ પ્રયાસ કરી રહી છે. આ માટે, તે ચૂંટાયેલા બોર્ડની રચનામાં ચાલાકી કરવા માટે કાનૂની ફેરફારોનો આશરો લઈ રહી છે. ૧૯ ઓક્ટોબરની ચૂંટણીમાં, કોંગ્રેસની આગેવાની હેઠળની પેનલે ૨૫ માંથી ૧૩ બેઠકો જીતી હતી, અને મહાયુતિની ૧૨ બેઠકો કરતાં બહુમતી મેળવી હતી. જ્યારે મહાયુતિ સમર્થિત ડિરેક્ટર બેઠકમાં ગેરહાજર રહ્યા, જેનાથી ચેરમેનની ચૂંટણી અટકાવી દેવામાં આવી, ત્યારે બોમ્બે હાઈકોર્ટે ૧૦ નવેમ્બરે નવી ચૂંટણીનો આદેશ આપ્યો.''

તેમણે ઉમેર્યું, ''ચૂંટાયેલા બોર્ડને કામ કરવા દેવાને બદલે, રાજ્ય કેબિનેટે ચાર સરકારી ડિરેક્ટરોને નોમિનેટ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે, જેમની પાસે મતદાનનો અધિકાર પણ હશે. આ ચૂંટણી સમીકરણો બદલી શકે છે અને દૂધ ઉત્પાદકોના આદેશને ઉથલાવી શકે છે. મોટો પ્રશ્ન એ છે કેઃ શું સરકાર ચૂંટણી પછી નિયમોમાં ફેરફાર કરી શકે છે કારણ કે તેને પરિણામો પસંદ નથી?'' અમે લોકશાહી આદેશ અને સહકારી સંસ્થાઓની સ્વાયત્તતાને સુરક્ષિત રાખવા માટે સુપ્રીમ કોર્ટમાં આ નિર્ણયને પડકારી રહ્યા છીએ. કોલ્હાપુર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, પ્રખ્યાત ગોકુલ ડેરીના ડિરેક્ટર બોર્ડની ચૂંટણીમાં કોંગ્રેસના નેતૃત્વ હેઠળના રાજર્ષિ શાહુ શેતકરી સંવિચાર આઘાડીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સતેજ પાટિલના નેતૃત્વ હેઠળ બહુમતી મેળવી હતી. પેનલે કુલ ૨૫ બેઠકોમાંથી ૧૩ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપ સમર્થિત મહાયુતિ ગઠબંધન, જેમાં ભાજપ, શિવસેના અને એનસીપીનો સમાવેશ થાય છે, ૧૨ બેઠકો જીતી હતી. ચૂંટણી પરિણામો ૧૯ ઓક્ટોબરના રોજ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા હતા, જે પરિણામ શાસક ગઠબંધન માટે આંચકા તરીકે જોવામાં આવ્યું હતું. ગોકુલ ડેરી બ્રાન્ડ હેઠળ કાર્યરત સહકારી દૂધ ઉત્પાદક સંઘના ડિરેક્ટર બોર્ડ પર નિયંત્રણ નક્કી કરવા માટે આ ચૂંટણી યોજાઈ હતી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, માટે ચતુરાઈ છોડી એને શરણે જવું



આમ તો હમણાં મિશ્ર તિથિ ચાલે છે, પણ આજે સૌ આસો વદ તેરસ એટલે કે ધન તેરસ કરવાનાં છે. વિશ્વ આખામાં હવે લોકો અતૃપ્તિનાં એક માનસિક રોગથી પીડાતાં હોય, એમ વિશ્વ આખું આજે પૂર્ણ આર્થિક મંદીનાં તનાવ સાથે જીવી રહ્યું છે, એટલે સૌ સાથે મળી આ વખતે આ ધન તેરસનો તહેવાર ધનની તરસ છોડી ઉજવીએ. આમ પણ મહાલક્ષ્મીનાં એક સ્વરૂપને ચતુરા કહેવામાં આવે છે, તો એ સામેવાળાની ચતુરાઈને પહેલા પકડી પાડે છે, માટે કહેવાતી સ્માર્ટ નેસ ત્યજી એને શરણે જવું, તો અવશ્ય સુખ શાંતિ બની રહેશે. સામાન્ય રીતે દિવાળીનાં તહેવાર અગિયારસથી શરૂ થાય છે,રમા એકાદશી,વાક બારસ ને ધન તેરસ, કાળી ચૌદસ તથા દિવાળી અને, બેસતું વર્ષ કે નવું વર્ષ, ત્યાર બાદ ભાઈબીજ, સુધી ઉજવાય છે. વેપારીઓ દીવાળી એ ચોપડા પૂજન કરી પછી લાભ પાંચમ સુધી રજા રાખે છે, અને એ દિવસ પણ સારો દિવસ છે,તેઓ તે દિવસથી પાછાં પોતાનાં ધંધા શરું કરે છે. મુખ્યત્વે પાંચ દિવસ એટલે કે ધનતેરસ કાળીચૌદશ દિવાળી બેસતું વર્ષ અને ભાઈબીજ આ પાંચ દિવસો બધાં જ લોકો દિવાળીનાં તહેવાર તરીકે ઉજવે છે.

ધનતેરસને દિવસે ધનની પૂજાનું બહુ જ મહત્વ છે, અને કહેવાય છે કે આ દિવસે ધનની પૂજા કરવાથી તેર ગણું ધન-ધાન્ય વધે છે. સમુદ્ર મંથનમાં ભગવાન ધન્વંતરિ હાથમાં કળશ લઈને બહાર આવ્યાં, એ દિવસે આસો વદ તેરસ હતી. એટલે તેના નામ પરથી ધન્વંતરિ જયંતી અથવા ધનતેરસ તરીકે આ દિવસને ઉજવવામાં આવે છે. સ્વસ્થ આયુષ્ય પ્રદાન કરવા માટે ભગવાન ધન્વંતરિ આ કળશ લઈને અવતર્યા હતાં, અને તે કળશ લઈને આવ્યાં હોવાથી આજના દિવસે સુવર્ણ અને પિત્તળની ધાતુની ખરીદી કરવાનું પણ મહત્વ છે. ઉપરાંત એક બીજી લોકવાયકા એવી પણ છે, કે ભગવાન વિષ્ણુ દ્વારા લક્ષ્મીજી શાપિત થાય છે, અને તેમને ૧૩ વર્ષ સુધી કોઈ ભૂમિ પુત્ર એટલે કે ખેડૂતને ઘરે રહેવાનું હોય છે. લક્ષ્મીજી જે ભૂમિપુત્રને ત્યાં રહ્યાં હતાં, તેનાં ધન-ધાન્યમાં વૃદ્ધિ થાય છે, અને સમય અવધિ પૂરી થતાં ભગવાન વિષ્ણુએ તેમને તેડવા માટે આવે છે, ત્યારે તે ખેડૂત લક્ષ્મીજીને પોતાના ઘરે રોકાઈ જવાં આગ્રહ કે વિનંતી કરે છે,તે દિવસ પણ આસો વદ તેરસનો દિવસ હતો, અને લક્ષ્મીજી એવું કહે છે, કે આ દિવસે જે કોઈ પોતાના આંગણામાં દીવા મૂકીને મારું પૂજન કરશે, તેને ત્યાં કાયમ મારો વાસ રહેશે. ત્રીજી એક લોકવાયકા એવી છે,કે અસુરોના રાજા બલીનો ત્રાસ વધી જતાં, દેવતાઓની વિનંતીથી ભગવાન વિષ્ણુ વામન સ્વરૂપે બલિને ત્યાં ભિક્ષા માંગવા જાય છે, અસુરોના ગુરુ શુક્રાચાર્યને ભગવાન વિષ્ણુની આ ચાલ વિશે જાણકારી મળી જાય છે, અને તે રાજા બલિને ખૂબ જ સમજાવે છે, કે ભગવાન વિષ્ણુ તને પાઈમાલ કરી દેવા માટે આવ્યા છે, પણ રાજા એ વાત માનતા નથી, અને વામન સ્વરૂપે આવેલાં ભગવાનને ત્રણ ડગલાં પૃથ્વી આપવાં માટે કટિબદ્ધ થાય છે, ત્યારે શુક્રાચાર્ય લઘુ સ્વરૂપ ધારણ કરી અને કમંડળમાં સમાય જાય છે. જેથી કરીને સંકલ્પ કરવાં માટેનું જળ કમંડળ માંથી નીકળતું નથી. દર્ભના તણખલાંના આગળનાં કડક ભાગથી ભગવાન વિષ્ણુ કમંડળને ખોતરે છે, જેથી શુક્રાચાર્યની એક આંખ ફૂટી જાય છે, અને આમ ભગવાન વિષ્ણુ પોતાની ચાલમાં કામયાબ બને છે, અને અસુરોના ત્રાસમાંથી દેવતાઓ મુક્ત થાય છે, એટલે પણ આ દિવસને ઉજવવામાં આવે છે.

આપણે ત્યાં આદ્ય શક્તિનાં મુખ્ય ત્રણ અધિષ્ઠાત્રી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે, અને મહાલક્ષ્મી, મહાસરસ્વતી, અને મહાકાલી, એમાં ધન-ધાન્ય કે એશ્વર્ય માટે મહાલક્ષ્મી મુખ્ય દેવી માનવામાં આવે છે. પરંતુ ધનતેરસને દિવસે જ મહાલક્ષ્મીનું પૂજન શું કામ? એવો કોઈ પ્રશ્ન થાય તો ક્ષીર સાગરમાંથી આસો વદ તેરસને દિવસે મહાલક્ષ્મી હાથમાં ચરુ લઈને પ્રગટ થયા હતા, અને તેથી એ દિવસે ધનની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત સમુદ્ર મંથન વખતે પણ સમુદ્રમાંથી મહાલક્ષ્મીનું હાથમાં અમૃત કુંભ સાથે બહાર આવ્યા હતાં, એટલે એ રીતે પણ મહાલક્ષ્મીના પ્રાગટ્ય દિવસને ધનતેરસ તરીકે ઉજવવામાં આવે છે.

ધનની પૂજામાં સામાન્ય રીતે જુનાં નવાં ચલણના સિક્કાઓ, સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓ, હીરા, માણેક, વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. પૂજનવિધીમાં આ ધનના સિક્કાને દૂધ પાણી વડે ધોઈ અને કે પૂજન વિધિ સંપન્ન કરવામાં આવે છે.ધોવાનો મતલબ એ થાય કે, અમે લક્ષ્મીને દાન-ધર્મ કરીને સાફ સુથરી રાખીશું, અથવા તો અનીતિની કમાણી નહીં કરીએ, પણ જ્યાં સીધી આવકનો સ્ત્રોત હશે, એ જ ધનને કમાણી રૂપે અર્જિત કરીશું. આપણે આપણી આવક પૂરેપૂરી ખર્ચાઈ જાય નહીં, ત્યાં સુધી આ સચ્ચાઈનો એટલે કે દાન ધર્મનો માર્ગ મુકવાનો નથી. ધનનો એક સીધોસાદો અર્થ એટલે રૂપિયા પૈસા, અને એ જીવન જીવવા માટે બહુ જ અનિવાર્ય છે. આમ પણ અત્યારે સૌને ધનવાન થવું છે, ગુણવાન થવા માટેની કોઈ શિબિર, કે એવું કંઈ યોજવામાં આવે, તો કદાચ એમાં એટલી સંખ્યા ન થાય, પરંતુ અહીં આટલા રૂપિયાનાં આટલા રૂપિયા કરી દેવામાં આવે છે, એવી કોઈ જાહેરાત સાંભળવા મળે, તો ત્યાં માણસોનાં ઢગલે ઢગલા જોવા મળે છે. અને વાત પણ સાચી છે, આ મોંઘવારીના જમાનામાં ધન વગર તો કેમ ચાલે!! પરંતુ આજથી ઘણાં વર્ષો પૂર્વેનો ઈતિહાસ જોઈએ, તો ધનવાન કોને કહેવાતું!! જેના આંગણામાં ઘણી બધી ગાય હોય, પોતાનું ઘર તથા ખેતર હોય, ઘરમાં ચાર દીકરા હોય, એકાદ-બે સંસ્કારી દીકરીઓ હોય, આંગણાનાં તુલસીક્યારા ને ઉંબર પુજતી વહુ હોય, જેના ઘરે રોજ અતિથિનો પાટલો પડતો હોય, તથા નિત્ય ઠાકોરજીની સેવા પૂજા થતી હોય, અને આખો પરિવાર શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હોય, તથા હસી ખુશીથી ઘરના વહેવારો ચાલતાં હોય, આવા વ્યક્તિને એટલે કે ગુણવાન ને ધનવાન કહેવાતાં.

મિત્રો દિવાળીના તહેવાર શરૂ થઇ ગયા છે અને જેમ ઘર સાફ કરીને ચોખ્ખું કર્યું છે, એ જ રીતે અંતર મન પણ ચોખ્ખું કરવાનું છે, અને અંદરનાં પૂર્વાગ્રહ કે હઠાગ્રહ મુક્ત થઇ, અને જે સંબંધોમાં રોષ કે રીસ હોય, ત્યાં સામેથી જઈ અને દિવાળીની વધાઇ આપી તહેવાર ઉજવીએ, આવતીકાલ અહીં કોઈની નિશ્ચિત નથી, અને અહિંથી કંઈ જ આપણે સાથે લઈ જઈ શકવાનાં નથી. આ બંને સત્ય યાદ રાખીને આપણે ન હોઈએ, ત્યારે પણ લોકો આપણને પ્રેમપૂર્વક યાદ રાખે, એ રીતના મધુર વ્યવહાર અન્ય સાથે આ દિવાળીમાં બાંધવા કટિબદ્ધ બનીએ. આ ઉપરાંત બધાં મિત્રોને ધન તેરસના તહેવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આપ સૌના જીવન આવી જ રીતે સદાય ધન-ધાન્ય અને ગુણથી ભરેલા રહે, અને સૌનું જીવન કાયમ ઝગમગતા દીવડા જેવું તેજસ્વી અને ખુશહાલ બને,તેમજ ખણકતા રુપિયા જેવી ખણકતી ખુશીનું હાસ્ય સૌનાં મુખ પર સદાય ચમકતું રહે.જય શ્રી રામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

રસ્તે રઝળતા ઢોર અવાર-નવાર બની જાય છે જોખમી અને જીવલેણઃ વધુ એક કરૂણ ઘટના

ખૂંટીયો આડે આવતાં યુવાનનું મોત

વાહન સહિત ફંગાગાઇ જતાં જીવ ગયોઃ બીજા બનાવમાં બાળકોએ રમતાં રમતાં કપાસ સળગાવ્યુંઃ ચાર વર્ષના ટેણીયાનું દાઝી જતાં મોતઃ એક પરિણીતાએ પેટના દુઃખાવાથી કંટાળી અને બીજીએ માનસિક બિમારીને કારણે જિંદગી ટુંકાવી લીધી

રાજકોટ, તા. ૫

રસ્તા પર રઝળતા ઢોર પશુઓ અવાર-નવાર જીવલેણ અકસ્માતનું કારણ બનતા રહે છે. આવી વધુ એક ઘટના બની હતી. જેમાં અઢાર વર્ષના યુવાનનો જીવ ગયો હતો. ઘરેથી સામાન લેવા મોટરસાઇકલ લઇને આ યુવાન નીકળ્યો ત્યારે ખૂંટીયો આડે આવી જતાં તે વાહન સહિત ફેંકાઇ જતાં જીવ ગયો હતો. બીજી કરૂણ ઘટનામાં બાળકોએ રમતાં રમતાં કપાસ સળગાવતાં એક ચાર વર્ષનો ટેણીયો દાઝી જતાં મોત થયું હતું. ત્રીજા બનાવમાં પેટના દુઃખાવાથી ત્રાસીને એક પરિણીતાએ એસિડ પી આપઘાત કર્યો હતો અને ચોથા બનાવમાં માનસિક બિમારીથી કંટાળી પરિણીતાએ એક સાથે સાંઠ ગોળીઓ પી લઇ જીવ દઇ દીધો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો મોરબીના મકનસરમાં રહેતો અઢાર વર્ષનો સાગર અશોકભાઇ જીંજીવાડીયા બીજી તારીખના સાંજે સાડા ચારેક વાગ્યે ગામમાં કોઇને ત્યાં મંડપ ફીટીંગનું કામ ચાલુ હોઇ તેમાં કોઇ સામાન ઘટતો હોઇ સાગરને લઇ આવી દેવાનું કહેતાં સાગર બાઇક હંકારી સામાન લેવા જવા નીકળ્યો હતો. એ દરમિયાન રસ્તામાં અચાનક ખૂંટીયો આવી જતાં સાગર બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.

આ અકસ્માતમાં સાગરને માથા, શરીરે ઇજા પહોંચી હોઇ મોરબી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. સાગર એક બહેન અને ત્રણ ભાઇમાં સૌથી નાનો હતો. તેના પિતા કારખાનામાં નોકરી કરે છે. સાગરે હાલમાં અભ્યાસ પુરો કર્યો હતો. યુવાન આશાસ્પદ દિકરાના મોતથી પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી.

બીજી કરૂણ ઘટના જોઇએ તો અમરેલીના ગરીયા ગામે રાજુભાઇની વાડીએ રહેતો મુળ મધ્યપ્રદશેના તોલસીંગ ભુરીયાનો દિકરો ગણેશ ભુરીયા નામનો ચાર વર્ષનો બાળક રોજ વાડીએ રમતો હતો ત્યારે દાઝી જતાં અમરેલી સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો.





ત્યાંથી વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. અહિ આજે વહેલી પરોઢે તેનું મોત થતાં મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે અમરેલી તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃતકના પિતા તોલસીંગ ભુરીયાએ જણાવ્યું હતું કે રૂમીએ અમે વાડીમાં કામ કરવા ગયા હતાં ત્યારે મારા તથા બીજા મજૂરોના બાળકો વાડીના મકાને રમતા હતાં. આ વખતે માળીયા પર કપાસ ભરીને રાખ્યો હોઇ બાળકો રમતાં રમતાં ત્યાં સીડી વાટે ચડી ગયા હતાં.

જ્યાં કોઇ એક બાળકે કપાસ સળગાવતાં ભડકો થયો હતો. બીજા બાળકો તો ભાગીને બચી ગયા હતાં પરંતુ મારો દિકરો ગણેશ આગની લપેટમાં આવી જતાં દાઝી ગયો હતો.

મૃત્યુ પામનાર ગણેશ ત્રણ ભાઇ અને બે બહેનમાં નાનો હતો. દિકરાના મોતથી મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો છે. અમરેલી તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં શાપર વેરાવળના પારડીમાં રહેતી એક પરિણીતાએ એસિડ પી લેતાં સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. પેટના દુઃખાવાથી કંટાળી તેણે આ પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું. શાપરના પારડીમાં રહેતાં સત્યાવીસ વર્ષના સોનલબેન હરેશભાઇ સોલંકી નામના પરિણીતાએ બાવીસમીએ ઘરે અસિડ પી લેતાં સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયેલ. તેણીનું રાતે મૃત્યુ થતાં હોસ્પિટલ દ્વારા શાપર પોલીસને જાણ કરવામાં આવી હતી.

મૃત્યુ પામનારના લગ્ન અગીયાર વર્ષ પહેલા થયા હતાં. તેણીના માવતર રાજકોટ રૈયાધારમાં રહે છે. આ બનાવથી એક માસુમ દિકરો મા વિહોણો થયો છે. સોનલબેનના પતિ છુટક મજૂરી કરે છે. પેટનો દુઃખાવો રહેતો હોઇ દવા સારવાર છતાં ફરક ન પડતાં આ પગલુ ભર્યાનું સગાએ કહ્યું હતું. ઘટનાથી સ્વજનો શોકમાં ગરક થઇ ગયા હતાં.

ચોથી ઘટના જોઇએ તો કોઠારીયા રોડ પર દેવપરા પાસે ઇન્દિરાનગર મેઇન રોડ શાક માર્કેટ નજીક રહેતાં નેહાબેન સંદિપભાઇ ચૌહાણ નામની ઓગણત્રીસ વર્ષની પરિણીતાએ માનસિક બિમારીથી એક સાથે ૬૦ જેટલી ગોળીઓ પી લેતાં સારવાર દરમિયાન મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જાણવા મળ્યા મુજબ દેવપરામાં રહેતાં નેહાબેન ચૌહાણે તા. ૨ના રાતે એકાદ વાગ્યે પોતાની માનસિક બિમારીની દવા ચાલુ હોઇ તે આખા મહિનાની સાંઠ ગોળીઓ એક સાથે પી લીધી હતી. બાદમાં તબીયત બગડતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ. પરંતુ સારવાર દરમિયાન વહેલી પરોઢે દમ તોડી દીધો હતો.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર નેહાબેનના લગ્ન દસ વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં એક દિકરો છે. પતિ સંદિપભાઇ ચૌહાણ-કારડીયા રજપૂત કારખાનામાં કામ કરી ગુજરાન ચલાવે છે. માનસિક બિમારીથી કટાળીને એક સાથે વધુ ગોળીઓ પી લીધાનું જણાવાયું હતું.

દામ્પત્ય જીવનમાં બેવફાઇના ડગલા મંડાય તો પરિવારનો માળો થઇ જાય વેરણ છેરણ

મારો શું વાંક કહી પત્નીએ ચિઠ્ઠી લખી જીવ દીધો

યોગીનગરની પરિણીતાના આપઘાતમાં પતિના આડાસંબંધો, સાસરિયાનો ત્રાસ કારણભુતઃ પતિ, તેની પ્રેમિકા, સાસુ, સસરા, નણંદ સામે ગુનો દાખલ થયો

રાજકોટ તા. ૫

આડાસંબંધોને કારણે ખુશખુશાલ દામ્પત્ય જીવનમાં પણ આગ લાગી જતી હોય છે. આવા અનેક બનાવો અગાઉ પણ બન્યા હતાં. દરયિમાન વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં શહેરના સાધુ વાસવાણી રોડ પર યોગીનગરમાં રહેતાં પરિણીતા તરૂણાબેન બેચરભાઇ ભીમાણીએ પતિના આડા સંબંધો અને તેના તેમજ સાસુ, સસરા, નણંદના ત્રાસને કારણે મરી જવાનો રસ્તો અપનાવવા મજબૂર થવું પડ્યું હતું. તેણીએ લખેલી હૃદય દ્રાવક સ્યુસાઇડ નોટને આધારે પોલીસે પાંચ જણા સામે ગુનો દાખલ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે આપઘાત કરી લેનારા ચાલીસ વર્ષના તરૂણાબેન બેચરભાઇ ભીમાણીના બહેન રાજકોટના વાછકપર બેડી ગામે રહેતાં મોટા બહેન દક્ષાબેન અશ્વીનભાઇ ચંદ્રાલાની ફરિયાદ પરથી તરૂણાબેનના પતિ સાધુ વાસવાણી રોડ યોગીનગર-૩માં રહેતાં બેચર ગોવિંદભાઇ ભીમાણી, ધ્રોલના માણેકપરમાં રહેતાં સસરા ગોવિંદભાઇ મુળજીભાઇ ભીમાણી, સાસુ સવિતાબેન, રાજકોટ બાપા સીતારામ મઢુલી પાસે પરીમલ ચોકમાં રહેતી નણંદ ચંદુબેન નરેન્દ્રભાઇ બોડા અને પતિની કહેવાતી પ્રેમિકા મનિષાબેન શિયાળ વિરૂધ્ધ તરૂણાબેનને ત્રાસ આપી મરી જવા મજબૂર કરવાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

પોતાની ફરિયાદમાં દક્ષાબેન ચંદ્રાલાએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારા માતા નિવૃત જીવન જીવે છે, પિતા હયાત નથી. અમે પાંચ બહેનો છીએ જેમાં આપઘાત કરનારા તરૂણાબેનના લગ્ન રાજકોટ યોગીનગરમાં રહેતાં બેચર ભીમાણી સાથ સત્તર વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં એક દિકરી તુલસી આઠ વર્ષની અને દિકરો હેપીલ નવ વર્ષનો છે. મારી આ બહેન તરૂણાબેન સાથે મારે મોબાઇલમાં ઘણીવાર વાત થતી હતી. તેણી મને કહેતી કે-મારા સાસુ, સસરા, પતિ મને હેરાન કરે છે અને તેને કોણ બચાવશે તેમ કહી વારંવાર ટોર્ચર કરે છે. મારા પતિ બેચરને બીજી મહિલા સાથે આડાસંબંધ છે એ બાબતે હું પુછુ તો મારકુટ કરે છે. નણંદ ચંદુબેન પણ ફોન કરી હેરાન કરે છે. મારી બહેન તરૂણાબેને મને ફોનમાં વધુમાં કહેલું કે ચારેક મહિના પહેલા પતિ બેચર





અને તેની સાથે બીજી મહિલા મનિષા કોઇ હોટેલમાં નાસ્તો કરતાં હોઇ તેની મને જાણ થઇ જતાં મેં તેને પકડી લીધા હતાં.

દરમિયાન તારીખ ત્રીજી નવેમ્બરના રોજ મને કાકાના દિકરા મિલનભાઇ લાલપરાએ જાણ કરી હતી કે તરૂણાબેને ગળાફાંસો ખાઇ લીધો છે અને સિવિલ હોસ્પિટલે લઇગયા છે. આથી અમે બધા ત્યાં પહોંચ્યા હતાં. અહિ તરૂણાબેનના પતિ, સાસરિયાના લોકો પણ હતાં. તેમજ મારા સગા કાકાના દિકરા ભાઇ શૈલેષભાઇના પત્નિ નીશાબેન પણ હોઇ તેના દ્વારા જાણવા મળ્યું હતું કે મારા બહેન તરૂણાબેને આપઘાત પુર્વે એક સ્યુસાઇડ નોટ લખી છે. જે નોટ તરૂણાબેનની નણંદ ચંદુબેન ઉર્ફે ચંદ્રીકાબેને લઇલીધી છે. અમે સાસરીયાઓને આ સ્યુસાઇડ નોટ આપવા કહ્યું હતું પરંતુ તેણે ધ્યાન દીધી નહોતું.

બાદમાં અમે તરૂણાબેનના મૃતદેહને અંતિમધિ માટે માનસર ધ્રોલ ખાતે લઇ ગયા હતાં. અછી ચંદુબેને અમને સ્યુસાઇડ નોટ આપી હતી. આ સ્યુસાઇડ નોટ તરૂણાબેને દિકરા હેપીલની હીન્દી વિષયની હોમવર્કની નોટમાં કાળા કલરની પેનથી લખેલી હતી. પાંચ પેઇજમાં આ સ્યુસાઇડ નોટ લખી હતી. તરૂણાબેને લખ્યું હતું કે-હું મારા સંતાનોને મા વગરના કરી દીધા છે, બેચર કહેતો કે હું ઘરમાં ઘર ચલાવવા પૈસા નહિ આપું, એટલે મેં દુધના પૈસા, તુલસીના ટ્યુશનના પૈસા પણ આપી દીધા છે. મારે કોઇ હારે પૈસા દેવાના બાકી નથી. તે બધા પૈસા મનિષાની પાછળ ઉડાતડો હતો. ધ્યાન રાખજો મારી દિકરી રઝળી છે. તમારી દિકરીઓ રઝળી ન પડે. આમા મારો વાંક શું છે, મારે ભાઇ નથી કે બાપ નથી એટલે માસીજી, માસાજી, મોટા મામાજી, નણંદ સહિતના ખરાબ વર્તન કરે છે. મારો શું વાંક હતો, બેચરનું લફરૂ હતું મારે નહોતું.

હું તો મારા છોકરાઓ માટે કરતી હતી. ભગવાન મારી દિકરીને આ બધુ સહન કરવાની ત્રેવડ આપે. થોડુક પેટમાં બળે ને તો મારા છોકરાઓનું ધ્યાન રાખજો. મનિષાને અને બેચરને સજા અપાવજો. કારણ કે તેણે મારા છોકરાઓની અને મારી હાય લીધી છે. એને કોઇ દિવસ સારુ નહિ થાય. મારી દિકરીને મારે મુકવી પડી છે. કાકા તમને મેં કીધુ હતું કે મારે બેચર ભેગુ નથી જાવું. મારે છોકરાઓને નહોતા મુકવા પણ હવે તેણે બધી હદ પાર કરી દીધી છે. એ મને મરવા કહે છે ગાળો દે છે, હું મારી જિંદગીથી કંટાળી ગઇ છું. મને મારી દિકરી બહુ વહાલી છે, મારી દિકરીનું કોઇ નહિ રહે. તમને બધાને મેં રસ્તો કરી દીધો છે. હું મરી જાઉ પછી બેચરને મને હાથ ન અડાડવા દેતાં, લિ. તરૂણા. આ ચિઠ્ઠીને આધારે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીઆઇ કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. એમ. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ પતિના લફરાને કારણે પત્નિ મરી જવા મજબૂર થતાં પરિવારનો માળો વિખેરાઇગયો હતો.

એક તરફ તહેવાર ટાણે સાવચેત રહેવાની અને પુરતા બંદોબસ્તની વાતોઃ બીજી તરફ હકિકત જૂદી

ચીલ્લાયા તો છૂરી ઘુસેડ દુંગાઃ સોની બજારમાં લૂંટ

માંડવી ચોકથી સોનાના તારની લગડી દેવા જઇ રહેલા ઓગણીસ વર્ષના યુવાનના એક્ટીવામાં પગમાં તકલીફના બહાના હેઠળ લૂંટારાએ લિફ્ટ લીધી પછી છરીની અણીએ સોનુ લૂંટી ગયોઃ ભેદ ઉકેલાઇ જવાની આશા

રાજકોટ, તા.૫

સૌરાષ્ટ્રભરની સૌથી મોટી એવી રાજકોટની સોની બજાર છાસવારે ચર્ચાના ચકડોળે ચડતી રહે છે. અહિ કાં તો કોઇ વેપારી કે કારીગર એક બીજાનું સોનુ લઇ ભાગી જાય છે અને કાં તો લૂંટ સહિતની ઘટનાઓ બનતી રહે છે. વધુ એક વખત લૂંટ થઇ હતી. આ વખતે લૂંટારો લિફ્ટ લઇને છરી બતાવી એક દૂકાનના કારીગર પાસેથી ચાર લાખનું સોનુ લઇ ભાગી ગયો હતો. તેને ઝડપી લેવા ટીમો કામે લાગતાં સફળતા હાથવેંતમાં હોવાનું જણાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો સોની બજારમાં એક રાજસ્થાની વેપારીને ત્યાં કામ કરતો અને ત્યાં જ રહેતો ઓગણીસ વર્ષનો રાજસ્થાની યુવાન રાતે શેઠ પાસેથી રૂા. ચાર લાખની સોનાના તારની લગડી લઇ એક્ટીવામાં બેસી બીજા વેપારીને આપવા જતો હતો ત્યારે રસ્તામાં અજાણ્યા શખ્સે ઉભો રાખી 'મેરે પૈર મેં ચોટ હૈ આગે તક છોડ દે' કહી લિફ્ટ માંગી હતી અને પાછળ બેસી જઇ એક્ટીવા થોડે આગળ જતાં ચાલકને છરી અડાડી તેની પાસેથી સોનુ લૂંટી ભાગી જતાં પોલીસમાં દોડધામ મચી ગઇ હતી.

વિશેષ માહિતી અનુસાર આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે આ બનાવમાં સોની બજાર માંડવી ચોક પાસે જુઠા દોશીની શેરીમાં બાલાજી તારવાળાની દુકાનમાં રહેતાં અને તયાં જ કામ કરતાં મુળ રાજસ્થાનના પાલીના સુમેરપુર તાબેના હીંગોલા ગામના વતની ઓગણીસ વર્ષના સચીન મુલારામ મીણાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે લૂંટનો ગુનો નોંધ્યો હતે. સચીને ફરિયાદમાં જણાવ્યું હતું ક હું હાલ સોની બજારમાંમારા ઓળખીતા ઉમેદારામ હીરારામ ચૌહાણની સાથે રહુ છું અને સોની કામની મજુરી કરી અમારૂ જીવન ગુજરાન ચલાવુ છું. અમે જે દુકાનમાં રહીએ છીએ તે અમારા શેઠના પાર્ટનરનુ નામ મહેન્દ્રસિંહ જોધા છે. હું ધોરણ ૧૨ પાસ છું. મને ગુજરાતી તથા હીન્દી ભાષા જાણુ છું. હું રાતે અમારા શેઠ ઉમેદારામ ચૌહાણની બાલાજી તારવાળાની દુકાનમા હાજર હતાં.

શેઠે મને સોનાના તારની લગડી બનાવવાની



હોઇ જેથી ફાઇન સોનુ લેવા માટે કોઠારીયા ચોકી પાસે દુકાન ધરાવતાં નિર્મલભાઇ પરમાર નામના વેપારીને ત્યાં જવાનું કહ્યું હતું. હું શેઠનું એક્ટીવા જીજે૦૩પીબી-૭૫૦૬ લઇને કોઠારીયા ચોકી પાસે નિર્મલભાઇ પાસે ગયો હતો. ત્યાંથી ૩૩ ગ્રામ ફાઇન સોનુ લઇને આવ્યો હતો. આ પછી તારની લગડી તૈયાર થઇ જતાં શેઠનું એક્ટીવા લઇ તે ફરીથી નિલેષભાઇને આપવા જવા સાડા નવેક વાગ્યે અમારી દુકાનેથી નીકળ્યો હતો. આ સોનાના તારની લગડી મેં મારા પેન્ટના ડાબી બાજુના ખિસ્સામા રાખી હતી.

ત્યારબાદ અમારી દુકાનથી આશરે પચાસેક ફુટ આગળ જતાં અજાણ્યો શખ્સ મારી એક્ટીવાની આગળ આવી ગયો હતો અને હિન્દીમાં બોલ્યો હતો કે-મુજે પૈર મેં ચોટ લગી હે આગે તક છોડ દે. આમ કહી તે મારી પાછળ બેસી ગયેલ હતો. આ પછી થોડે આગળ જતાં જ તે બોલ્યો હતો કે-ચિલ્લાયા તો ચાકુ લ ગા દુંગા. તેના જમણા હાથમા એક રૂમાલમાં કોઇ અણીદાર હથિયાર જેવુ લાગતા મને અણી અડાડી દઇ મારવાની ધમકી આપી આગે ગાડી ચલા કહેતાં મે ગાડી આગળ ચલાવેલ હતી. ત્યાર બાદ થોડે આગળ માંડવી ચોકના ઢાળીયા આગળ એકટીવા ઘુમાઓ એમ ઇશારો કરતા મે માંડવી ચોકના ઢાળીયા આગળ ગાડી લીધી હતી.

એ દરમિયાને તેણે મારા પેન્ટના ખિસ્સામાં હાથ નાંખી લગડી કાઢી લીધી હતી. બાદમાં આસોપાલવ જવેલર્સની સામે એકદમ એકટીવા ઉભુ રખાવ્યું હતું. બાદમાં કહ્યું હતું કે-એકટીવા મોડ કે પીછે ભાગ જા નહી તો ચાકુ ઘુસા દુંગા. આ પછી તે ચાલીને ઢાળીયો ઉતરી ગયો હતો. હું ગભરાઇ જતા મે એકટીવા પાછળ વાળી થોડીક આગળ જઇ મારા શેઠ ઉમેદારામ ચૌહાણને ફોન કરી બોલાવતાં તે આવી ગયા હતાં. શેઠે અમારા રાજસ્થાન તરફના માણસોને બોલાવેલ અને આ બનાવની જાણ કરેલ હતી. બાદમાં અમે પોલીસને જાણ કરી હતી. લૂંટારૂ ૪૩ ગ્રામ ૧૬ કેરેટની રૂા. ૪ લાખની સોનાના તારની લગડી લૂંટી ગયો હતો. ઇન્સપેકટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં એએસઆઇ પી. જી. ઝાલાએ ગુનો નોંધ્યો હતો. એ-ડિવીઝન ડી. સ્ટાફ ટીમ, ડીસીબી, એલસીબીની ટીમોએ ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી હતી. કેટલાક શકમંદોની પુછતાછ કરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ ભેદ ઝડપથી ઉકેલાઇ જશે. આ કિસ્સામાં શરૂઆતમાં ફરિયાદીની પણ પોલીસે ઉલટ તપાસ કરી હતી.

નોકરીમાં રજા હોવાથી આટો મારવા ખરીદી કરવા નીકળ્યો અને યમદૂતનો ભેટો થઇ ગયો

ચાલતા યુવાન માટે ટ્રક બન્યો કાળ

બીજી ઘટનામાં ખેતરમાં કામ કરતી વખતે યુવાનનું બેભાન થતાં અને અન્ય બે ઘટનામાં કારખાનેદાર, ઇંટોના વેપારીનું પણ બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું

રાજકોટ, તા. ૫

અપમૃત્યુના વધુ ચાર બનાવો સામે આવ્યા હતાં. જેમાં એક બનાવમાં યુવાનનું મોત વાહન અકસ્માતમાં થયુ હતું. કારખાનામાં રજા ઓઇ ચાલીને આટો મારવા ખરીદી કરવા નીકળેલો યુવાન ટ્રકની ઠોકરે આવી જતાં જીવ ગયો હતો. વાહન મુકીને ચાલક ભાગી ગયો હતો. બીજી ઘટનામાં વાડીએ કામ કરી રહેલા યુવાનને અચાનક નાકમાંથી લોહી વહેવા માંડતાં તેનું મોત થયું હતું. ત્રીજા અને ચોથાબ નાવમાં કારખાનેદાર તથા ઇંટોના વેપારીના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શાપર વેરાવળમાં જીવલેણ વાહન અકસ્માત સર્જાયો છે. જેમાં હાલ રીબડા રહેતાં મુળ ઉત્તરપ્રદેશના પાંત્રીસ વર્ષના યુવાનનું મોત થયું હતું. આ યુવાન ચાલીને કોઇ કામ માટે જતો હતો ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે લઇ વાહન મુકી ભાગી ગયો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. રીબડામાં નીવા ગ્રીન કંપની નજીક રહેતો અને કારખાનામાં કામ કરતો સરોજકુમાર બેસનરામ જાટવ નામનો પાંત્રીસ વર્ષનો યુવાન શાપર વેરાવળમાં શાક માર્કેટ પાસે ચાલીને જઇ રહ્યો હતો ત્યારે અજાણ્યો આઇશર ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. ગંભીર હાલતમાં યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

તેના સગા પરિચીતોને જાણ થતાં તેઓ પણ રાજકોટ પહોંચ્યા હતાં. જો કે સારવાર દરમિયાન સરોજકુમારે દમ તોડી દીધો હતો. શાપર પોલીસને રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે. આ બનાવમાં શાપર પોલીસે રીબડામા રહેતાં રૂચીતભાઇ હરેશભાઇ પાનસુરીયાની ફરિયાદ પરથી આઇશર જીજે૦૩બીટી-૪૦૭૩ના ચાલક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. રૂચીતભાઇએ વ્હોટ્એપ ગ્રુપમાં અકસ્માતનો ફોટો જોતાં આ ઘટનાની તેમને ખબર પડી હતી. બુધવારે કારખાનામાં રજા હોઇ તે આટો મારવા ખરીદી કરવા નીકળ્યો ત્યારે બનાવ બન્યો હતો.



બીજી ઘટનામાં ગીર સોમનાથના તાલાલા તાબેના ઘુસીયા ગામે રહેતો ૩૩ વર્ષનો યુવાન ખેત મજૂરીએ ગયો હોઇ ત્યાં માંડવી ઉપાડતી વખતે એકાએક નાકમાંથી લોહી વહેવાનું ચાલુ થઇ ગયા બાદ બેભાન જેવો થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. ઘુસીયા ગામે રહેતો તેત્રીસવર્ષનો રમેશભાઇ જીણાભાઇ સોલંકી પરમ દિવસે ગામમાં બીજાની વાડીએ મજૂરીએ ગયો હોઇ ત્યાં માંડવી ઉપાડતો હતો ત્યારે એકાએક તેના નાકમાંથી લોહી વહેવા માંડ્યું હતું. આ પછી તે બેભાન જેવો થઇ જતાં તુરત સારવાર માટે તાલાલા, વેરાવળ, જુનાગઢ હોસ્પિટલમાં ખસેડ્યા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ તેનું મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલાલ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રમેશભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં બીજો હતો. તેને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. મોતનું કારણ જાણવા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ચોથા બનાવમાં રાજકોટના ગોંડલ રોડ પુનિતનગર-૧૦માં રહેતાં હરેશભાઇ કૌશીકરાય અડીયેચા-ગુર્જર સુથાર નામના છેતાલીસ વર્ષના કારખાનેદાર રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ઠાફે તાલુકા પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર કારખાનુ ચલાવતાં હતાં. તે પરિવારના એકના એક આધારસ્તંભ હતાં. સંતાનમાં બે પુત્ર છે. તેમને કેન્સર હોવાનું સગાએ કહ્યુ.હતું. પોલીસે મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ચોથા બનાવમાં ગાંધીગ્રામ ગૌતમનગર-૪ લાખના બંગલા પાસે રહેતાં એકાવન વર્ષના અનિલભાઇ જેઠાભાઇ નળીયાપરા-વરીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ ઇંટોના ભઠ્ઠા ચલાવતાં હતાં. ત્રણ ભાઇ અને એક બહેનમાં વચ્ચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. સગાના કહેવા મુજબ તેમને કેન્સર લાગુ પડ્યું હતું. ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. તહેવારના દિવસોમાં ચાર પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવી દેતાં ખુશી શોકમાં પલ્ટાઇ ગઇ હતી.

ચાર લાખ સામે અગીયાર લાખ ચુકવ્યા છતાં વ્યાજખોરોની ધમકી

આજીડેમ પોલીસ મથકમમાં ભોગ બનનારે ફરિયાદ નોંધાવતાં આકરી કાર્યવાહી

રાજકોટ તા. ૫

વ્યાજનખોરીના વધુ એક બનાવમાં પોલીસે વ્યાજખોરોને કાયદાનું ભાન કરાવ્યું હતું. કોઠારીયામાં સ્વાતી પાર્કમાં રહેતા અને પડવલામાં પ્રભાત ટ્રેડર્સમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતા શુભમ જેન્તીભાઇ ભાલાળા (ઉ.વ.૩૩) અને તેનાભાઇ નીકુંજે વ્યાજે લીધેલ રકમની સામે મોટી રકમ લઇ લેવા છતા બંને ભાઇઓ પાસેથી વધુ ૧૭ લાખની વ્યાજખોર રોહીત હિરાભાઇ બસીયા (રહે. પુરૂષાર્થ સોસાયટી, હરીધવા રોડના છેડે) અને સોહમ પરમારે પઠાણી ઉઘરાણી કરી રૂપીયા નહી આપો તો દિવાળી નહી જોવા દઇએ કહી ધમકી આપ્યાની આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ હતી. જેમાં પોલીસે આરોપીઓને પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું.

આ મામલે શુભમભાઇ ભાલાળાએ પોલીસ ફરીયાદમાં જણાવ્યું કે, તેને સંતાનમાં એક પુત્રી અને પુત્ર છે. એકાદ વર્ષ પહેલા તેને હાર્ડવેરનો ધંધો શરૂ કરવો હોવાથી મિત્ર આરોપી રોહીત પાસેથી સાંઇબાબા સર્કલ નજીક ૮ ટકા લેખે દોઢ લાખ રૂપીયા વ્યાજે લીધા હતા. જેનું તે વ્યાજ ભરતા હતા. તેનો નાનો ભાઇ નિકુંજ ચેક બાઉનસના કેસમાં ફેબ્રુઆરી-૨૦૨૬ માં બે માસ ગયો હોવાથી અને તેને કારખાનામાં ખોટ જતા ટેન્શનમાં લીધે માતા ચંપાબેને ઘરે ઘઉંમાં રાખવાના ટીકડા પી લેતા હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. આ સમયે પણ તેણે આરોપી પાસેથી રૂા. બે લાખ વ્યાજે લીધા હતા. ત્યાર બાદ અઢી લાખ મળી કુલ ૬ લાખ રૂપીયા આપતા ૮ ટકા લેખે તે રેગ્યુલર વ્યાજ ભરતા હતા.

મે -જુન ૨૦૨૬ માં તેને આર્થિક ભીંસના કારણે બે માસનું વ્યાજ ચુકવી નહી શકતા આરોપી રોહીત ૨૨ જુન ૨૦૨૬ના હિસાબ કરી વ્યાજના અને બીજી રૂપીયા ઓનલાઇન આપ્યા હતા. જે સહીત બીજા રૂા.૩ લાખ મળી કુલ રૂા. ૯ લાખ રૂપીયા વ્યાજે ચડાવ્યા હતા. આથી ૯ લાખના ૮ ટકા લેખે દર મહિને રૂા. ૭૨ હજાર વ્યાજ ચુકવવાનું આરોપીએ કહયું હતું. તેણે ૩ માસ તે પ્રમાણે વ્યાજ ચુકવ્યુ હતું. પરંતુ બાદમાં વ્યાજ ચુકવી શકયા ન હતા. તેણે અત્યાર સુધીમાં ગુગલ પેથી અને કટકે કટકે સાડા ચાર લાખ આરોપીને ચુકવ્યા હતા. અગાઉ પણ દોઢક વર્ષ પહેલા તેના મિત્ર દિપકભાઇ બુસા (રહે. મોરબી રોડ) એ આરોપી પાસેથી વ્યાજે રકમ લીધી હતી. તેમાં તેને જામીન તરીકે રાખેલ હતો. જેથી તેણે આરોપીને વ્યાજના રૂા.બે લાખ આરોપીને આપ્યા હતા છતા આરોપી રૂબરૂ અને ફોન ઉપર અવાર નવાર રૂપીયા પઠાણી ઉઘરાણી કરી તેને કોઇ પણ કાળે આ રૂપીયા આપવા પડશે. જો રૂપીયા નહી આપે તો જીવવા નહી દઉ કહી ધમકી આપતા તેને રૂપીયા ચુકવ્યા હતા. બીજી તરફ તેના નાનાભાઇ નિકુંજે અગાઉ દોઢેક વર્ષ પહેલા આરોપી પાસેથી કટકે કટકે ૧૦ ટકા લેખે રૂા. ૩.૬૦ લાખ વ્યાજે લીધા હતા. જેને નિકુંજ પણ વ્યાજ ચુકવતો હતો. રૂપીયાનો હવાલો સોહમ પરમાર નામના શખ્સને અપાયો હતો. જેથી સોહમ નિકુંજને અવાર નવાર ફોન કરી પૈસાની ઉઘરાણી કરતા નિકુંજે ૧૧ લાખ જેટલી રકમ આરોપીઓને ચુકવી હતી. છતા આરોપીઓએ તેને પણ ઘરે જઇ અને ફોનમાં રૂપીયા નહી આપે તો દિવાળી નહિ જોવા દઇએ કહી ગાળો દઇ જાનથી મારી નાખવાની ધમકી આપી તેની પાસે વધુ ૯ લાખની અને તેના ભાઇ નિકુંજ પાસે ૮ લાખની અવાર નવાર પઠાણી ઉઘરાણી કરતા હોવાથી ફરીયાદ નોંધાવી હતી અને આરોપીઓને પકડી લીધા હતાં.

વેપારીઓનો સ્વાંગ રચી વધુ એક વખત ઠગાઇ કરી લેવાઇઃ ત્રણ ગઠીયા દબોચાઇ ગયા

કાપડના વેપારીઓને ૨૨ લાખનો ચૂનો

બીજી ઘટનામાં પાયોનિયર પેટ્રોલ પંપના મનેજરે જ ગોલમાલ કરી રૂપિયા ગપચાવી લીધા

રાજકોટ તા. ૫

વેપારીઓ સાથે છેતરપીંડીના વધી ગયેલા બનાવો વચ્ચે વધુ ત્રણ વેપારીઓ સાથે લાખોની છેતરપીંડી થઇ હતી. ટેક્સટાઇલના વેપારીઓ સાથે વિશ્વાસ કેળવી બે કહેવાતા વેપારી અને એક દલાલે મળી બાવીસ લાખથી વધુની ઠગાઇ કરી લીધી હતી. બીજી તરફ પેટ્રોલ પંપનો મેનેજર પંપના હિસાબમાં ગોટાળો કરી રૂપિયા ખાઇ ગયાનો બનાવ સામે આવ્યો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો સુરત શહેરના ટેક્સટાઇલ માર્કેટના વેપારીઓ સાથે છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાત આચરતી ટોળકી સામે સારોલી પોલીસે લાલ આંખ કરી છે. કાપડનો મોટો જથ્થો મંગાવી સમયસર પેમેન્ટ ન ચૂકવી કરોડો-લાખો રૂપિયાની છેતરપિંડી આચરવાના ત્રણ અલગ-અલગ ગુનાઓમાં સારોલી પોલીસે અમદાવાદ ખાતેથી બે વેપારી અને એક કાપડ દલાલ સહિત કુલ ત્રણ આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતાં. સારોલી સંગીની ટ્રેડ સેન્ટરમાં માંધાતા એન.એક્સ. નામે કાપડનો વેપાર કરતા દિનેશ નરસિંગ નારાયણ પાંડે સાથે આરોપી સલીમ ઐયુબભાઇ રમકડાવાલા પ્રોપરાઇટર, સુપર આર્ટ - અમદાવાદ તથા દલાલ ઉમેદસિંગ માલિક, સ્વાંગીયા એજન્સી - જેસલમેર દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓએ મીઠી-મીઠી વાતો કરી વિશ્વાસ કેળવીપ,૭૭,૧૭૯ની કિંમતનો ફિનિશ્ડ કાપડનો માલ મંગાવ્યો હતો. ત્યારબાદ એક પણ રૂપિયો ચૂકવ્યા વિના વાયદાઓ આપી છેતરપિંડી આચરતા સારોલી પોલીસે તપાસ શરૂ કરી હતી.

બીજા આવા બનાવમાં સારોલી આર. આર.ટી.એમ.-૦૨ માર્કેટમાં રામદેવ ટેક્ષટાઇલ ધરાવતા રોશનકુમાર મોહનલાલ રાઠીનો સંપર્ક અમદાવાદના દલાલ લાલજીભાઇ અને વેપારી સદામ ખાન દ્વારા કરવામાં આવ્યો હતો. આરોપીઓએ ૧૧,૭૫,૫૯૦નો કાપડનો માલ ખરીદ્યો હતો. શરૂઆતમાં આંશિક પેમેન્ટ ચૂકવી વિશ્વાસ સંપાદિત કર્યા બાદ બાકી નીકળતા ૫,૫૦,૦૭૭ આજદિન સુધી ન ચૂકવી વિશ્વાસઘાત આચર્યો હતો. આર.કે.એલ.પી. માર્કેટ સ્થિત રુદ્રયોગી ફેબના મેનેજર રોશનકુમાર રાઠી પાસેથી અમદાવાદની પેઢી જે.એન. ક્રીએશનના માલિક જસ્મીન ખાતુન અને વહીવટકર્તા રહમતુલ્લાહ શેખે દલાલ વીક્કી રોહરા મારફતે ૧૫,૮૩,૩૮૫નો કાપડનો માલ ખરીદ્યો હતો. જેમાં માત્ર ૨.૮૧ લાખનો માલ પરત કરી તેમજ કેટલીક દલાલી રકમ જમા કરાવી બાકી રહેતા ૧૦,૭૦,૦૯૮ની રકમ ઓળવી જઈ છેતરપિંડી આચરી હતી.

આ કિસ્સામાં પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, આરોપીઓ દલાલો મારફતે સુરતના કાપડ વેપારીઓનો સંપર્ક કરતા હતા. શરૂઆતના તબક્કામાં નાની



રકમના વ્યવહારો કરી સમયસર પેમેન્ટ ચૂકવી વેપારીઓનો પૂર્ણ વિશ્વાસ જીતી લેતા હતા. ત્યારબાદ એકસાથે મોટા પાયે કાપડનો માલ ઉધાર મંગાવી લઈને પેમેન્ટ ન ચૂકવી ઉડાઉ જવાબો આપી છેતરપિંડી આચરવાની પદ્ધતિ ધરાવતા હતા. આરોપીઓમાં સલીમભાઈ ઐયુબભાઈ રમકડાવાલા, રહમતુલ્લા મોહમ્મદ નાસિર શેખ અને વિક્કીભાઈ રાજકુમાર રોહરાનો સમાવેશ થાય છે. સુરતના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સારોલી પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસ આધારે અમદાવાદ ખાતે દરોડો પાડી આ ત્રણેય આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ ઠગાઇના ભેદ ખુલવાની શક્યતા છે.

બીજી એક ઘટનામાં વડોદરા શહેરના આજવા રોડ પર આવેલા પાયોનિયર પેટ્રોલ પંપ પર મેનેજર તરીકે ફરજ બજાવતા શખ્સે કંપનીના હિસાબોમાં ચેડાં કરી રૂ.૧.૨૦ કરોડથી વધુની માતબર રકમની ઉચાપત કરી વિશ્વાસઘાત આચર્યાની ઘટના સામે આવી છે, જે અંગે કપુરાઇ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. કપુરાઇ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ફરિયાદી ધર્મેશભાઇ દશરથભાઇ પટેલ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ કેસમાં આરોપી તરીકે સંજયભાઇ ત્રીલોવનભાઇ પટેલનું નામ સામે આવ્યું હતું. આરોપી સંજય પટેલ સયાજીપુરા આજવા રોડ પર આવેલા પાયોનિયર પેટ્રોલ પંપ પર મેનેજરની હેસિયતમાં ફરજ બજાવતા હતા. આરોપીએ પોતાની સોંપાયેલી ફરજ દરમિયાન જાણીબુજીને ઠગાઇ કરવાના ઇરાદે સ્ટોક રજિસ્ટર અને હિસાબોના ચોપડામાં છેડછાડ કરી ખોટા હિસાબો તૈયાર કર્યા હતા.

તેઓ રોજિરોજનું કલેક્શન પૂરેપૂરું બેંકમાં જમા કરાવવાને બદલે બારોબાર પોતાના અંગત ઉપયોગમાં વાપરી લેતા હતા. આ પ્રકારે કંપની સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરી કુલ રૂપિયા ૧,૨૦,૯૫,૧૭૮ની રોકડ રકમની ઉચાપત કરવામાં આવી છે. આ અંગે કપુરાઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતાં.

ગેસ કંપનીના કોન્ટ્રાક્ટરોના રોકડ ખર્ચના નાણામાં રોકાણ કરવાથી તગડો નફો મળશે...

CA દંપતિનું બે કરોડનું ચીટીંગ

નિવૃત પોલીસ અધિકારીએ વિશ્વાસે મરણમુડી સમાન રકમ આપી દીધીઃ પરંતુ વળતરના નામે મળી ધમકીઃ અગાઉ આ અધિકારી વિરૂધ્ધ પણ વ્યાજ મામલે દુષ્પ્રેરણાનો નોંધાયો હતો ગુનો

રાજકોટ, તા. ૫

રોકાણ પર મોટો નફો અને એ પણ ટુંકાગાળામાં મળતો હોય તો અનેક લોકો આવી લલચામણી ઓફરની જાળમાં ફસાઇ જતાં હોય છે. આવી વધુ એક ફ્રોડની જાળ સફળ થઇ હતી. જેમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દંપતિએ કોઇ નહિ તો એક નિવૃત પીએસઆઇનો જ કડદો કરી નાંખ્યો હતો. અગાઉ વ્યાજખોરીની દુષ્પ્રેરણાના ગુનામાં સંડોવાઇ ચુકેલા આ નિવૃત ફોજદારના એક કરોડ બાણુ લાખ રૂપિયા રોકાણ પર તગડો નફો અપાવી દેવાના નામે પતિ-પત્નિ ખાઇ જતાં એફઆઇઆર દાખલ કરાવવામાં આવતાં તપાસ શરૂ થઇ છે.

વિગતો જોઇએ ગાંધીનગરમાં નિવૃત ફોજદારને શેરબજારમાં ચા નફા અને સાબરમતી ગેસના કોન્ટ્રાક્ટની લાલચ આપી સરગાસણના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દંપતીએ ૧ કરોડ ૯૪ લાખ ૭૫ હજારનું ફુલેકું ફેરવ્યું હોવાની ફરિયાદ સેકટર ૭ પોલીસ મથકે નોંધાતાં તપાસ શરૂ થઇ છે. ઉલ્લેખનીય છેકે, ગત માર્ચ મહિનામાં ઉક્ત ગુનાના આરોપીના ગૃહ વિભાગમાંથી વય નિવૃત થયેલા પિતાને દસ લાખના ધિરાણ સામે નેવુ લાખ પડાવી વધુ દોઢ કરોડ માટે આપઘાત કરવા મજબૂર કરવા બદલ નિવૃત ફોજદાર વિરુદ્ધ પણ સાંતેજ પોલીસ મથકે દુષ્પ્રરણાનો ગુનો નોંધાયો હતો. હવે ખુદ આ નિવૃત ફોજદારે પોતાની મરણમુડી સમાન બે કરોડ જેવી રકમ ખાઇ જવામાં આવ્યાની ફરિયાદ કરી હતી.

વધુ માહિતી અનુસાર ગાંધીનગર સેક્ટર-૫બી ખાતે રહેતા આઇબી વિભાગમાંથી નિવૃત થયેલા ફોજદાર શૈલેષભાઇ બચુભાઇ નાયક સરગાસણ મેઘ મલ્હાર સોસાયટીમાં રહેતા સીએ દંપતિ જ્વલિન ઉર્ફે જય પ્રકાશભાઇ નાયક અને તેમના પત્ની બોસ્કી જ્વલિનની સાસરી પક્ષે દૂરના સગા થાય છે. જેતે સમયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દંપતિ ફોજદારનું ઇન્કમટેક્સ રિટર્ન પણ ભરતા હતા. જેથી પરિવારની આર્થિક સ્થિતિથી સંપૂર્ણ વાકેફ હતા. ત્યારે વર્ષ ૨૦૨૪ દરમિયાન દંપતીએ ફોજદારના ઘરે જઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે ચી જગ્યાએ રોકાણ કરી ભારે નફો કમાઈ આપવાની વાત કરી હતી. અને જ્વલિન નાયકે દાવો કર્યો હતો



કે તે સાબરમતી ગેસ કંપનીમાં સીએ તરીકે નોકરી કરે છે અને કોન્ટ્રાક્ટરોના બિલો તેની સહીથી મંજૂર થાય છે.

કોન્ટ્રાક્ટરોના રોકડ ખર્ચ માટે ભાગીદારીમાં નાણાં રોકવાથી મોટો નફો મળશે તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. આ લોભામણી વાતોમાં આવીને ફોજદારે પોતાની અંગત બચત તથા સગા સંબંધીઓ પાસેથી ટુકડે-ટુકડે રોકડા રૂપિયા ચોપન લાખ દંપતીને આપ્યા હતા. ત્યારબાદ સાબરમતી ગેસના અન્ય એક મોટા કોન્ટ્રાક્ટમાં ભાગીદારી અપાવવાની વાત કહી વધુ રૂ. સુડતાલીસ લાખ રોકડા કઢાવ્યા હતા. ઉપરાંત ઠગ દંપતીએ શેરબજારનું મોટું જ્ઞાન હોવાનું જણાવી ફોજદારના નામે એન્જલ વન એપ્લિકેશન પર ઓનલાઈન ડીમેટ ખાતું પણ ખોલાવ્યું નાંખ્યું હતું.

જો કે આ ખાતાનું સંચાલન તેઓ પોતે જ કરતા હતા. જેના થકી લોગિન આઈડી અને પાસવર્ડ પોતાની પાસે રાખી ઓટીપી મેળવીને તથા રૂબરૂમાં મોબાઈલ લઈને કુલ ૮૦ લાખ અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ ઉપરાંત હાથ ઉછીના અન્ય રૂ. ૧૩.૭૫ લાખ મેળવીને કુલ રૂ. ૧,૯૪,૭૫,૦૦૦ પડાવી લીધા હતા. પરંતુ જ્યારે ફોજદારે નફા સાથે રકમ પરત માંગી ત્યારે દંપતીએ ૨ કરોડ ૩૮ લાખનો નફો થયાનું ખોટું લેઝર સ્ટેટમેન્ટ આપ્યું હતું. અને રકમ ઉપાડવાની પ્રક્રિયા દરમિયાન કંપનીમાં ફ્રોડની શંકા વ્યક્ત કરી ખાતું ડિફોલ્ટમાં હોવાનું નાટક કર્યું હતું. આ સિવાય ફોજદારને શંકા ન જાય તે માટે એસબીઆઈ બેંકની રૂપિયા ૫ લાખ જમા થયાની સિક્કા વગરની બનાવટી સ્લીપ પણ મોકલી આપી હતી.જે બેંકમાં તપાસ કરતાં ખોટી હોવાનું સાબિત થયું હતું.

આ પછી દંપતીએ સરગાસણના પોતાના મકાનનો બાનાખત કરી આપી કુલ રૂ.૨.૩૮ કરોડના ચેક આપ્યા હતા. જે ચેકો સહી ડિફર તથા અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યા હતા. અને ફોજદારને ધમકી આપી હતી કે તારા જેવા રિટાર્યડ પીએસઆઈ મારું કશું નહીં બગાડી શકે, મારા મિત્રો ૩૮૨ અને ૩૦૭ ના ગુનેગારો છે.પૈસા ભૂલી જા નહીંતર હાથ-પગ ભાંગી નાખીશ અને પરિવારનું અપહરણ કરી ટુકડા કરી નાખીશ. આખરે નિવૃત ફોજદારે ઠગ દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છેકે ઉક્ત ઠગાઇના આરોપી જ્વલિન નાયકના પિતા પ્રકાશભાઈ ગૃહ વિભાગમાંથી સેક્શન ઓફિસર તરીકે નિવૃત થયા હતા.

જેમણે પુત્ર જ્વાલિનને શેરબજારમાં રોકાણ માટે નિવૃત ફોજદાર શૈલેષ નાયક પાસેથી ૧૦ લાખ રૂપિયા દસ્યુ માસિક વ્યાજે લીધા હતા. જેની સામે ટુકડે-ટુકડે ૯૦ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં નિવૃત્ત પીએસઆઈ દ્વારા વધુ દોઢ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવતી હતી. જેના સતત ત્રાસથી કંટાળીને પ્રકાશભાઈએ સુસાઇડ નોટ લખી કેનાલમાં પડી આપઘાત કરી લીધો હતો. જેના મામલે ગત માર્ચ મહિનામાં નિવૃત ફોજદાર શૈલેષ નાયક વિરુદ્ધ જ્વલિન નાયકે દુષ્પ્રરણાનો ગુનો સાંતેજ પોલીસ મથકમાં નોંધાયો હતો. હવે ખુદ આ નિવૃત અધિકારીના નાણા ગયા છે.

પૈસા માટે માણસ કોઇપણ હદ સુધી જઇ શકે...પ્રતિતી કરાવતો કિસ્સો

દિકરીએ પિતાના ૮૩ લાખ કટકટાવ્યા

પતિ સાથે મળી જાણ બહાર ખાતુ ખોલાવી પોલીસની રકમ જમા કરાવી, પછી પિતાના ફોનમાં ગૂગલ એપ ચાલુ કરી નાણા ઉસેડી લીધાઃ બીજી ઘટનામાં જમીન દલાલ સાથે નફાની લાલચ દઇ અધધધ અઠાવન કરોડની ઠગાઇ

રાજકોટ તા. ૫

છેતરપીંડીના બનાવોમાં ઘણીવાર ઘરના જ ઘાતકી થઇ જતાં હોય છે. આવી જ એક ઠગાઇ થઇ હતી. જેમાં એક દિકરીએ પોતાના પતિ સાથે મળી પિતાની સાથે ઠગાઇ કરી લીધી હતી. પિતાની જાણ બહાર તેમનું ખાતુ ખોલાવી વીમા પોલીસની લાખોની રકમ બારોબાર ઉપાડી લીધી હતી. પિતાના મોબાઇલમાં ગૂગલ પે ચાલુ કરી આ નાણા પોતાના ખાતામાં લઇ લીધા હતાં. આ ચોંકાવનારી ઘટનાની જાણ તેની સગી નાની બહેનને થઇ જતાં તેણે બહેન બનેવી સામે આ ફ્રોડ મામલે એફઆઇઆર દાખલ કરાવતાં ચકચાર જાગી હતી.

વિગતો પર નરજ કરીએ તો વડોદરામાં પિતાની જાણ બહાર તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરી બેંકમાં ખાતું ખોલાવી તથા મોબાઇલમાં ગુગલ-પે શરૂ કરીને લાખો રૂપિયા સગેવગે કર્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. પિતાની મોટી પુત્રી અને તેના પતિએ એકબીજાની મદદગારીથી પિતાના બેંક ખાતાંમાંથી ઓનલાઇન ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૨.૧૩ લાખ તેમજ ત્રણેય બહેનોના નામે પિતાએ ખોલાવેલી ફ્યુચર જનરલી લાઇફ ઇન્શ્યોરન્સની અલગ-અલગ પોલિસીમાંથી રૂ.૬.૨૮ લાખ મળી કુલ રૂ.૮.૪૧ લાખની રકમ ઉપાડી લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે નાની પુત્રીએ બહેન અને બનેવી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ વડોદરા શહેરના સિંધવાઇ માતા રોડ પર આવેલા ક્રિષ્ના લેટમાં રહેતા -ીતિબેનના પિતા ગોપાલભાઈ માળી ઓએનજીસીના ડીઝલ વર્કશોપમાંથી નિવૃત્ત થયા હતા. તેમના પિતાના એસબીઆઇ અને કોટક મહિન્દ્રા બેંકમાં ખાતાં હતાં. પિતાએ ત્રણેય દીકરીઓના નામે ફ્યુચર જનરલી લાઇફ ઇન્શ્યોરન્સની પોલિસી ખોલાવી હતી અને ત્રણ વર્ષ દરમિયાન કુલ રૂપિયા અઢાર લાખ જમા કરાવ્યા હતા. પિતાના બેંક ખાતાં અને વીમા પોલિસીની વિગતો મોટી પુત્રી રેખાબેન તથા તેમના પતિ જીગ્નેશભાઈ જાણતા હતા. આ દરમિયાન બંનેએ પિતાની જાણ બહાર તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરીને ઇન્ડિયન ઓવરસીઝ બેંકની દાંડિયા બજાર શાખામાં ખાતું ખોલાવ્યું હોવાનો આક્ષેપ છે.

ત્યારબાદ પિતાના મોબાઇલ નંબર સાથે જોડાયેલા બેંક ખાતાનો ઉપયોગ કરીને ગુગલ-પે મારફતે લ્ત્માંથી રૂ.૧,૭૮,૪૫૬ અને



કોટક મહિન્દ્રા બેંકમાંથી રૂ.૩૫ હજાર ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત, ત્રણેય બહેનોની વીમા પોલિસીમાંથી અલગ-અલગ સમયે કુલ રૂ.૬,૨૮,૫૧૭.૪૬ની રકમ ઇન્ડિયન ઓવરસીઝ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. આમ, પિતાની જાણ બહાર કુલ રૂ.૮,૪૧,૯૭૩.૪૬ની રકમ ઉપાડી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ પ્રીતિબેને નોંધાવી હતી. મકરપુરા પોલીસે રેખાબેન અને તેમના પતિ જીગ્નેશભાઈ સામે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજી એક મસમોટી ઠગાઇ જઈએ તો અમદાવાદના બોડકદેવમાં રહેતા અને જમીન તેમજ શેરબજારમાં રોકાણ કરતા વેપારી સાથે અધધધ ૫૮.૯૨ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા ત્રણ શખ્સોએ જમીનના વિવાદો ઉકેલી આપવાના બહાને અને નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને કરોડોની જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા. નક્કી કરેલી અવેજની રકમ ન ચૂકવી અને બોગસ ખર્ચના નામે હિસાબ આપવાનો ઇનકાર કરી ફરિયાદીના કરોડો રૂપિયા પડાવી લેતા ઇઓડબલ્યુ દ્વારા તપાસ શરૂ કરાઇ હતી.

વધુ માહિતી જોઇએ તો બેતાલીસ વર્ષિય ચિંતન રામીએ ફરિયાદ નોંધાવ્યા મુજબ તેઓનો સંપર્ક બોડકદેવ ખાતે કન્સ્ટ્રક્શન અને જમીન ક્લિયરન્સનું કામ કરતા દીપક હીરપરા, હર્ષલ હીરપરા અને જીગ્નેશ હીરપરા સાથે થયો હતો. આરોપીઓએ જમીનના વિવાદો ક્લિયર કરી આપવાની ખાતરી આપી હતી અને તે માટેના ખર્ચને પહોંચી વળવા ફરિયાદીની જમીન ૪૦ કરોડના ઉચક ભાવે વેચાણ રાખવાનું નક્કી કર્યું હતું. પણ દસ્તાવેજ કર્યા બાદ આરોપીઓએ આશરે ૨૫ કરોડ જ ચૂકવ્યા હતા અને બાકીના ૧૫ કરોડ જમીન ક્લિયર કરવાના રોકડ વ્યવહારોના બહાને પોતાની પાસે રાખી લીધા હતા અને ચિંતનની સહીઓવાળા વાઉચરો મેળવી લીધા હતા.

આ પછી આરોપીઓએ વધુ ૫૬,૦૦૦ ચોરસ વાર જમીન ક્લિયર કરવા માટે અડધો ભાગ વેચાણ રાખવાનો કરાર કર્યો હતો. આ જમીનની કુલ કિંમત ૧૨૦ કરોડ નક્કી થઈ હતી. જેમાં ચિંતનના ભાગના ૬૦ કરોડમાંથી આરોપીઓએ માત્ર ૩૩ કરોડ ચૂકવ્યા અને ૨૭ કરોડ બાકી રાખ્યા. આ ઉપરાંત અન્ય સર્વે નંબરોના વેચાણમાં પણ ૩૬,૮૪,૯૯,૪૮૭ની રકમમાંથી ૧૬,૯૨,૧૬,૪૮૭ ચૂકવ્યા ન હતા. ચિંતને જ્યારે બાકીના નાણાં માંગ્યા ત્યારે આરોપીઓએ લાલચ આપી હતી ક.

આ રકમ તેઓ આ જમીન પર બનનારી નવી કન્સ્ટ્રક્શન સ્કીમમાં રોકાણ તરીકે ગણી લેશે અને મોટો નફો આપશે. આ વિશ્વાસમાં લઈને આરોપીઓએ તમામ જમીનોના દસ્તાવેજો પોતાના નામે કરાવી લીધા હતા. તમામ દસ્તાવેજો થઈ ગયા બાદ આરોપીઓએ સ્કીમમાં રોકાણ અંગેનું કોઈ લેખિત લખાણ ચિંતનને કરી આપ્યું ન હતું. જ્યારે ચિંતને પોતાની બાકી નીકળતી રકમ અને રોકાણના લખાણની અવારનવાર માંગણી કરી ત્યારે આરોપીઓએ હિસાબ આપવાનો ઇનકાર કર્યો હતો અને જમીન ક્લિયર કરવામાં ૯૦ કરોડનો ખોટો ખર્ચ ઉધારી દીધો હતો. આમ, આરોપીઓએ જમીન ક્લિયર કરવાના નામે અને સ્કીમમાં મોટા નફાની લાલચ આપીને ફરિયાદીની કુલ ૫૮.૯૨ કરોડ પોતાના અંગત લાભ માટે રાખી લઈ છેતરપિંડી કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાતા તપાસ રૂ થઈ હતી.

ઘરે બેઠા કમાણીના નામે વેપારીએ ગુમાવ્યા એક કરોડ!

વિદેશની કંપનીને રેટીંગ આપવાથી એકાઉન્ટમાં નફાની રકમ જમા થાય છે તેવુ સાયબર ગઠીયાએ કહી શરૂઆતમાં સાડત્રીસ હજારનો નફો કરાવ્યોઃ પછી ટાસ્કની રકમના નામે નાણા પડાવ્યાઃ નફો પોણા બે કરોડ દેખાયો પણ એકેય રૂપિયો ઉપાડી શક્યા નહિ

રાજકોટ તા. ૫

સાયબર ગઠીયાઓ રોજેરોજ ગામને છેતરીને પોતાના ગજવા ભરી લેવામાં સફળ થઇ રહ્યા છે. રોજબરોજ હજારોથી માંડીને કરોડો સુધીની ઠગાઇ થઇ રહી છે. વધુ એક કિસ્સામાં મસમોટી છેતરપીંડી થઇ હતી. જેમાં ઘરે બેઠા રેટીંગ આપી નફો કમાવવાની લાલચ આપી અધધધ એક કરોડ પડાવી લેવાયા હતાં. વેપારીને દુબઇની કંપનીના નામે લાલચ આપી ગઠીયાઓએ લપેટી લીધા હતાં અને ઠગાઇ કરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો ઓનલાઇન પ્રોડક્ટ્સને રેટિંગ આપીને ઘરબેઠાં તગડો નફો કમાવવાની લાલચ કેટલી હદે નુકસાનકારક સાબિત થઈ શકે છે તેનો અત્યંત ચોંકાવનારો કિસ્સો વડોદરામાં સામે આવ્યો હતો. સાયબર ભેજાબાજોએ પોતે દુબઈ સ્થિત અગ્રણી કંપનીના -તિનિધિ હોવાની ખોટી ઓળખ આપીને વડોદરાના એક પ્રતિષ્ઠીત વેપારીને ઓનલાઇન રોકાણની જાળમાં ફસાવ્યા હતા. શરૂઆતમાં સામાન્ય રકમનું વળતર સીધું બેંક ખાતામાં જમા કરાવી વિશ્વાસ કેળવ્યા બાદ વેપારી પાસેથી તબક્કાવાર એક કરોડ સાત લાખથી વધુની માતબર રકમ પડાવી લેવામાં આવી હતી. છેતરપિંડીનો અહેસાસ થતાં જ ભોગ બનનાર વેપારીએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન પર સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યું કે વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારમાં રહેતા છપ્પન વર્ષીય વેપારી ડિજિટલ ટીમ નેટવર્ક નામે ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર તરીકેનો વ્યવસાય સંભાળે છે. તેમણે એક ઓનલાઇન વેબસાઇટના કસ્ટમર સર્વિસ પોર્ટલ



પર સંપર્ક સાધ્યો હતો. આ દરમિયાન અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મારફતે એક શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે તેઓ દુબઈ સ્થિત કંપનીમાંથી વાત કરી રહ્યા છે અને તેમની વેબસાઇટ પર સાદું રોકાણ કરીને કોઈપણ વ્યક્તિ ટૂંકા ગાળામાં મોટો નફો મેળવી શકે છે. સાયબર ઠગોએ વેપારીનો વિશ્વાસ જીતવા માટે અત્યંત પદ્ધતિસરનો પેંતરો રચ્યો હતો. તેમણે શરૂઆતમાં વેપારીનું એક ડેમો એકાઉન્ટ ઓપન કરી આપ્યું હતું. તેમાં વોલેટમાં સામાન્ય રકમ જમા કરાવીને જુદી-જુદી પ્રોડક્ટ્સના ઓર્ડર કરી માત્ર રેટિંગ આપવાની સરળ કામગીરી સોંપવામાં આવી હતી.

આ પ્રક્રિયા બાદ શરૂઆતમાં થયેલો ૩૭,૦૩૮નો નફો વેપારીએ જ્યારે વિડ્રો કર્યો, ત્યારે તે રકમ કોઈપણ અડચણ વિના તેમના બેંક ખાતામાં જમા થઈ ગઈ હતી. ખાતામાં સીધા નાણાં આવી જતાં વેપારીને આ સ્કીમ અને કંપનીની વિશ્વસનીયતા પર પૂર્ણ ભરોસો બેસી ગયો હતો. વિશ્વાસ સ્થાપિત થઈ ગયા બાદ ભેજાબાજોએ અસલી ખેલ શરૂ કર્યો હતો. તેમણે ટાસ્ક વધારવા અને વધુ કમિશન મેળવવાના નામે વેપારી પાસેથી તબક્કાવાર મોટી રકમો જમા કરાવવાનું શરૂ કર્યું હતું. વેપારીએ રોકાણ પેટે પોતાની જીવનભરની મૂડીમાંથી કુલ ૧.૦૭ કરોડથી વધુની રકમ વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી.

પરંતુ તેમને ખબર નહોતી પડી કે આ સાયબર ગઠીયાઓની એક જાળ છે. વેબસાઇટના ફેક ડિજિટલ વોલેટમાં તેમની જમા રકમ અને ભારેખમ નફો મળીને કુલ ૧.૬૪ કરોડનું બેલેન્સ નફા સહિત દર્શાવવામાં આવતું હતું. પણઆટલી મોટી રકમ જોઈને જ્યારે વેપારીએ નાણાં ઉપાડવા માટે રિક્વેસ્ટ નાખી, ત્યારે કસ્ટમર કેર દ્વારા ટેક્સ, પ્રોસેસિંગ ફી અને અન્ય વહીવટી અડચણોનાં બહાનાં કાઢીને વધુ નાણાં ભરવા દબાણ કરાયું હતું. વારંવાર બહાનાં કાઢીને પૈસા અટકાવી રાખવામાં આવતાં આખરે વેપારીને પોતાની સાથે સાયબર છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ સમજાયું હતું. જેથી તેમણે સહેજ પણ વિલંબ કર્યા વગર કેન્દ્રીય સાયબર ક્રાઈમ પોર્ટલની હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક સાધી સમગ્ર છેતરપિંડી અંગે વિગતવાર ફરિયાદ નોંધાવી હતી. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસે નાણાં ટ્રાન્સફર થયેલા શંકાસ્પદ બેંક ખાતાઓ અને વોટ્સએપ નંબરોના આધારે આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગનું પગેરું મેળવવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. રોજેરોજ સાયબર ગઠીયાઓ આ પ્રકારે જુના નવા ગતકડાઓનો ઉપયોગ કરીને ઠગાઇ કરતાં રહે છે. જેમાં નાના મોટા એમ દરેક માણસો આબાદ ફસાઇ જાય છે અને હજારોથી માંડી આ કિસ્સાની જેમ કરોડ ઉપરથી રકમ પણ ગુમાવી બેસે છે. આ પ્રકારના ટાસ્ક કે પછી અજાણ્યા કોલર રીલથી મળતી રોકાણની માહિતી પર આંધળો વિશ્વાસ કરીને નાણાનું રોકાણ કરવું જોઇએ નહિ. અન્યથા આ પ્રકારના ફ્રોડનો શિકાર બની જવાતું હોય છે.

૭૫ હજાર પરત ચૂકવ્યા બાદ બાકીના ૧.૦૨ લાખ ન ચૂકવતા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ફરિયાદ

પંચનાથ મેડિકલ ટ્રસ્ટના સ્ટોરમાં ૧.૭૭ લાખની ઉચાપત

કોમ્પ્યુટર ઓપરેટર મહિલા અને તેના મિત્ર સામે ગુનો દાખલઃ ૩૦૨ દર્દીઓના નામે ખોટા રિટર્ન બિલ બનાવી આચરાયું કૌભાંડ

રાજકોટ તા. ૫

શહેરના શ્રી પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટના મેડિકલ સ્ટોરમાં દર્દીઓના નામે ખોટા રિટર્ન બિલ બનાવી રૂ. ૧,૭૭,૦૦૦ની ઉચાપત કરવામાં આવ્યાની એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપતા અને ખેતીકામ કરતા સંદીપભાઈ રણછોડભાઈ ડોડીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ગુનામાં ખુશીબેન પ્રતિકભાઈ પરમાર (રહે. મહુવા, જી. ભાવનગર) અને તેમને મદદ કરનાર મિત્ર કરણ અતુલભાઈ જાદવ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઘટનાની વિગતો અનુસાર, આરોપી ખુશીબેન ટ્રસ્ટના મેડિકલ સ્ટોરમાં કોમ્પ્યુટર કમ કેશીયર તરીકે નોકરી પર હતા. નોકરી દરમિયાન તેઓ મેડિકલ સ્ટોરના સીસીટીવી કેમેરા ચેક કરતા હોવાથી કેમેરાથી બચવા માટે દવાઓ પરત ન આવી હોવા છતાં તેના પૈસા લઈ પોતાના ખિસ્સામાં મારતા હોવાનું જણાઈ આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ દેવાંગભાઈ માંડસમ સમક્ષ પૂછપરછ કરતાં ખુશીબેને કબૂલાત કરી હતી કે તેઓ કોમ્પ્યુટર સોફ્ટવેરમાં જે દર્દીઓએ દવા રિટર્ન કરી નથી, તેમના



ખોટા રિટર્ન બિલ બનાવી ખોટી એન્ટ્રી કરતા હતા. આ રિટર્ન બિલના રૂપિયા મિત્ર કરણ અનુલભાઈ જાદવને આપતા અને કરણ આ કાવતરામાં તેને શીખવીને પ્રોત્સાહિત કરી મદદ કરતો હતો, તેમજ આ નાણાં બંને પોતાના મોજશોખમાં વાપરતા હતા.

તારીખ ૧૫/૦૩/૨૦૨૪ થી ૦૭/૦૩/૨૦૨૬ દરમિયાન કુલ ૩૦૨ દર્દીઓના નામે વેચેલી દવામાંથી રિટર્ન ન આવેલ હોવા છતાં ખોટા રિટર્ન બિલ બનાવી કુલ રૂપિયા ૧,૭૭,૦૦૦ ની ઉચાપત કરવામાં આવી હોવાનું ધ્યાને આવતા તા. ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ ખુશીબેનને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આરોપીઓ દ્વારા ટ્રસ્ટને અલગ-અલગ ચેક તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦ પરત ચૂકવવામાં આવ્યા હતા, પરંતુ બાકીના રૂપિયા ૧,૦૨,૦૦૦ આજદિન સુધી ચૂકવવામાં આવ્યા ન હતા. આ મામલે ટ્રસ્ટ સાથે વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરવા અંગે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એચ.એમ. ધરજીયા સમક્ષ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

લોન અને વ્યાજની રકમ ચૂકવવાનું કહી રૂ. ૨.૮૦ લાખ પડાવ્યા બાદ બેંક ખાતામાંથી એટીએમ દ્વારા ઉપાડી લીધા રોકડા

સાળીને ૮૧ હજારનો બનેવીનો ધુંબો

એક્ટિવા ઓન પચાવી પાડ્યું, રૂપિયા માંગતા લાજવાને બદલે ગાજી જાનથી મારી નાખવાની ધમકી

રાજકોટ, તા.૫

કોઠારીયા મેઈન રોડ પર આવેલ ગોકુલ પાર્ક પાસે રહેતી અને લિટલ કીડ્સ સ્કૂલમાં નોકરી કરતી નિધિબેન મનસુખભાઈ ગોહેલ દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં બનેવી સામે ગંભીર પ્રકારની છેતરપિંડી અને ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આજીડેમ પોલીસ સ્ટેશનના પી.આઈ. સમક્ષ કરવામાં ફરિયાદ રજૂઆત મુજબ, અરજદાર નિધિબેનના પરિવાર સાથે રહેતા અને તેમની બહેન દીક્ષિતા સાથે પ્રેમ લગ્ન કરનાર નિખીલભાઈ રાજેશભાઈ ચંદારાણાએ તેમની સાથે આ ઠગાઈ આચરી છે.

બનાવની વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૪ માં નિધિબેને તેમની સાથે નોકરી કરતા હિમેશભાઈ જોષી પાસેથી રૂ. ૨,૮૦,૦૦૦ રોકડા વ્યાજે લીધા હતા. આ રકમ અને વ્યાજ પરત આપવા માટે હિમેશભાઈ દબાણ કરતા હોવાથી નિધિબેને પોતાના બનેવી નિખીલભાઈને આ બાબતની જાણ કરી હતી. માર્ચ ૨૦૨૬માં આજીડેમ પોલીસ સ્ટેશનમાં આ અંગે અરજી થતાં બંને પક્ષે સમાધાન થયું હતું. ત્યારબાદ નોટરી કરાર કરવા માટે એડવોકેટ ડાંગાની ઓફિસે જઈ નિધિબેને હિમેશભાઈને રૂ. ૧,૭૫,૦૦૦ રોકડા આપ્યા હતા અને બાકીના રૂ. ૧,૦૫,૦૦૦ બનેવી નિખીલભાઈએ પોતાના ખાતામાંથી ભરી દેવાનું કહી તે રકમ પણ નિધિબેન પાસેથી લઈ લીધી હતી.

ત્યારબાદ તારીખ ૦૪/૦૪/૨૦૨૬ના રોજ



લિટલ કીડ્સ સ્કૂલમાં નોકરી પર હતા ત્યારે બનેવી નિખીલભાઈ ત્યાં આવીને પ્ર. નગર પોલીસ સ્ટેશનમાં હિમેશભાઈએ અરજી કરી હોવાનું અને લોનીટ્રપનો કેસ કર્યો હોવાનું જણાવી એક્ટિવા વાહન મો.સા. નં. ૠઉ-૦૩-ઝઊ-૭૮૩૦ જમા કરાવવાનું કહી કઢાવી લીધું હતું. દરમિયાન નિધિબેનના પિતા મનસુખભાઈ ગોકુલ પાર્ક પાસેની નાગરિક બેંકમાં પાસબુકમાં એન્ટ્રી કરાવવા ગયા ત્યારે ખાતામાં માત્ર સો રૂપિયા જ હોવાનું જણાયું હતું. બેંકમાં તપાસ કરતાં તારીખ ૧૮/૦૪/૨૦૨૬થી ૨૧/૦૪/૨૦૨૬ દરમિયાન અલગ-અલગ સમયે એટીએમ દ્વારા કુલ રૂ. ૮૧,૦૦૦ ઉપાડી લેવાયા હોવાનું સામે આવ્યું હતું. પિતાના કબાટમાં રાખેલું એટીએમ કાર્ડ અને પાસબુકના ફોટા નાની બહેન અનમોલના ફોન દ્વારા નિખીલભાઈએ મેળવી આ રકમ ઉપાડી લીધાની કબૂલાત પણ કરી હતી.

આરોપી બનેવી નિખીલભાઈ પાસેથી રોકડા રૂ. ૨,૮૦,૦૩૩ નાગરિક બેંકના ખાતામાંથી એટીએમ દ્વારા ઉપાડેલા રૂ. ૮૧,૦૦૦ તેમજ એક્ટિવા વાહન (કિંમત આશરે રૂ. ૪૩,૦૦૦ પરત માંગતા નિખીલભાઈએ ઉશ્કેરાઈ જઈને હવે રૂપિયા નહીં માંગતી નહિતર ઘરે આવીને જાનથી મારી નાખીશ તેવી ગંભીર ધમકી આપી હતી. આ સમગ્ર બનાવ અંગે પીડિતાએ બેંક સ્ટેટમેન્ટ અને નોટરી કરારની નકલો રજૂ કરી આજીડેમ પોલીસ સ્ટેશનમાં ધોરણસર ફરિયાદ નોંધાવી છે.

નિયમોના કાગળ પર શાળાઓની મનમાની

રાજકોટમાં દિવાળી વેકેશનના સરકારી આદેશો કાગળ પર જ સીમિત, ખાનગી શાળાઓની મનસ્વીતા સામે રોષ!

રાજકોટ, તા. ૫

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ના અધિકૃત શૈક્ષણિક કેલેન્ડર મુજબ રાજ્યભરની શાળાઓ માટે ૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી એટલે કે કુલ ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. નિયમાનુસાર ૨૬ નવેમ્બરથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ શરૂ થવું જોઈતું હતું, પરંતુ રાજકોટની અનેક ખાનગી શાળાઓ સરકારી કેલેન્ડરની ખુલ્લેઆમ અવગણના કરીને આગામી ૧૫ નવેમ્બરથી જ વર્ગો ધમધમાવી દેવાની પેરવી કરી રહી છે. સરકારના આદેશો અસ્તિત્વમાં હોવા છતાં ખાનગી શાળાઓ દ્વારા પોતાના નિયમો બનાવીને વાલીઓ અને વિદ્યાર્થીઓ પર વહેલા આવવાનું દબાણ કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જો સરકારના શિક્ષણ વિભાગના અધિકૃત પરિપત્રનો અમલ ખાનગી શાળાઓ પાસે કરાવી શકાતો ન હોય તો આવા સરકારી આદેશોનું ઔચિત્ય જ શું રહે છે તેવો મોટો પ્રશ્ન વાલી આલમમાં ચર્ચાઈ રહ્યો છે.

દર વર્ષની જેમ આ વખતે પણ રાજકોટના જિલ્લા શિક્ષણાધિકારીની ભૂમિકા માત્ર કાગળ પર કે મૂકપ્રેક્ષક પૂરતી જ સીમિત રહી હોય તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. આ સમગ્ર મુદ્દે આક્રોશ વ્યક્ત કરતા કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે તેમની પાસે વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સતત ફરિયાદો આવી રહી છે કે સરકાર દ્વારા જાહેર કરાયેલું સંપૂર્ણ વેકેશન તેમને મેળવવાનો અધિકાર છે. શિક્ષણ વિભાગના પરિપત્રને ઘોળીને પીજનારી શાળાઓ સામે તંત્ર મૌન સેવીને બેસી રહ્યું છે. વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખીને કોંગ્રેસ દ્વારા તમામ ખાનગી શાળા સંચાલકોને અપીલ કરવામાં આવે છે કે વેકેશન દરમિયાન કોઈપણ પ્રકારનું શૈક્ષણિક કાર્ય ચાલુ ન રાખવામાં આવે. તેમ છતાં જો કોઈ શાળા સરકારના પરિપત્રનો ભંગ કરીને વેકેશન કાળમાં



જ વર્ગો શરૂ કરવાનો પ્રયાસ કરશે તો વિદ્યાર્થીઓના ન્યાય માટે શાળા સંચાલકો સામે ઉગ્ર વિરોધ પ્રદર્શનો અને હલ્લાબોલ કરવામાં આવશે.

રાજપૂતે તંત્ર સામે આકરા પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે રાજ્ય સરકાર પોતે શૈક્ષણિક કેલેન્ડર અને વેકેશનની તારીખો નક્કી કરતી હોય ત્યારે ખાનગી શાળાઓને પોતાની મરજી મુજબ શૈક્ષણિક સત્રો શરૂ કરવાની મંજૂરી કોણ આપે છે. શું રાજ્ય સરકારના નિયમો અને શિક્ષણ વિભાગની માર્ગદર્શિકા ખાનગી શાળાઓને લાગુ પડતી નથી. જો દરેક શાળા પોતાની સુવિધા અને નફાખોરી મુજબ વેકેશનના દિવસો નક્કી કરવા લાગે તો સરકારી પરિપત્રોનો કોઈ અર્થ રહેતો નથી. જિલ્લા શિક્ષણાધિકારીએ માત્ર ફરિયાદો કાગળ પર આવે તેની રાહ જોવાને બદલે આગોતરા પગલાં રૂપે તમામ ખાનગી શાળાઓને કડક ચેતવણી આપતો આદેશ તાત્કાલિક જારી કરવો જોઈએ.

આજના આધુનિક સમયમાં વિદ્યાર્થીઓ પર અભ્યાસ અને પરિણામોનું ભારે દબાણ રહેતું હોય છે, જેના કારણે સતત વધતા માનસિક તણાવથી આપઘાત જેવા ગંભીર કિસ્સાઓ સમાજમાં સતત વધી રહ્યા છે જે અત્યંત ચિંતાજનક બાબત છે. આવી વિષમ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને શારીરિક આરામ પણ અભ્યાસ જેટલા જ અનિવાર્ય બની રહે છે. બાળકોને માત્ર ગુણ, રેન્ક અને સ્પર્ધાની આંધળી દોડમાં ધકેલી દેવાને બદલે તેમને પૂરતો વિસામો, પરિવાર સાથેનો સમય અને પોતાની રૂચિ અનુસારની પ્રવૃત્તિઓ કરવાનો અવકાશ મળવો જોઈએ. શિક્ષણનો વાસ્તવિક હેતુ માત્ર સારા ટકા મેળવવાનો નથી પરંતુ એક સ્વસ્થ, સમર્થ અને જવાબદાર નાગરિકનું ઘડતર કરવાનો છે. કોંગ્રેસે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી પાસે સ્પષ્ટ માગ કરી છે કે તમામ ખાનગી શાળાઓને ૨૫ નવેમ્બર સુધી શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવાના આદેશો આપવામાં આવે, પરિપત્રનો ભંગ કરનાર શાળાઓ સામે ઊંડી તપાસ કરીને કડક દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવે અને વાલીઓ પોતાની રજૂઆત કરી શકે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક ચોક્કસ ફરિયાદ નિવારણ તંત્ર કાર્યરત કરવામાં આવે.

નૂતન વર્ષે વિકાસનો નવો અભિગમ

કરોડોના શો-પીસ પ્રોજેક્ટ્સને બદલે પ્રજાલક્ષી-ઝડપી કામો પર ફોકસ



રાજકોટ, તા. ૫

નૂતન વર્ષના પ્રારંભે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસના કાર્યોને વેગ આપવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ કવાયત હાથ ધરવામાં આવી છે. દિવાળી બાદ શરૂ થનારા નવા વર્ષમાં શહેરભરમાં થનારા વિવિધ વિકાસ કામોના આયોજન અંગે મેયરે ઉચ્ચ અધિકારીઓ સાથે એક વિસ્તૃત સમીક્ષા બેઠક યોજીને પદો અને પ્રોજેક્ટ્સનો સવિસ્તર અહેવાલ માંગી લીધો છે. આગામી વર્ષ ખાસ કરીને પાણીની દ્રષ્ટિએ ચિંતાજનક રહેવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે, જેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા અત્યારથી જ આગોતરી રણનીતિ ઘડવામાં આવી રહી છે.

આ બેઠક દરમિયાન શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સુખાકારી સાથે જોડાયેલા અનેક પ્રમુખ પ્રોજેક્ટ્સ અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં કટારીયા ચોક ખાતે નિર્માણ પામનાર આઇકોનિક બ્રિજ, ન્યૂ રિંગ રોડને ફોર ટ્રેક બનાવવાની યોજના, પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેનો લાયન સફારી પાર્ક પ્રોજેક્ટ, શહેરી વિસ્તારોમાં આંતરિક તેમજ મુખ્ય રસ્તાઓના કામો, નવા ભળેલા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો વ્યાપ વધારવાની કામગીરી અને દક્ષિણ ઝોનના નાગરિકોની સરળતા માટે સાઉથ ઝોન ઓફિસ પ્રોજેક્ટ જેવા મહત્વના મુદ્દાઓ સામેલ હતા. આ તમામ કાર્યોને સમયસર પાર પાડવા માટે મેયરે અધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપી છે.

ચાલુ વર્ષે રાજકોટ માટે જળ સંકટ એક મોટો પડકાર બની રહે તેવી પૂરી શક્યતા છે. પાણીની ચિંતાવાળા આ વર્ષમાં નાગરિકોને પીવાના પાણીની કોઈ પણ પ્રકારની હાલાકી ન ભોગવવી પડે તે માટે જળ વિતરણ વ્યવસ્થાને અત્યંત સઘન અને ચોક્કસ બનાવવાની તાકીદ કરવામાં આવી છે. શિયાળા અને ઉનાળા દરમિયાન પાણીની પૂરતી ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે ખાસ વોટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

આગામી વર્ષ માટે મનપાની નીતિમાં એક મોટો અને આવકારદાયક બદલાવ જોવા મળ્યો છે. અગાઉની જેમ કરોડો રૂપિયાના વિશાળકાય અને વર્ષો સુધી લંબાઈ જતા શો-પીસ પ્રોજેક્ટ્સ પાછળ દોડવાને બદલે, હવે નાના પરંતુ અત્યંત જરૂરી, ઝડપથી સાકાર થઈ શકે તેવા અને સીધા જ પ્રજાના ઉપયોગમાં આવી શકે તેવા લોકઉપયોગી પ્રોજેક્ટ્સ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ રિવ્યુ મીટિંગનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે નવા વર્ષમાં હાથ ધરવામાં આવનાર તમામ વિકાસ કાર્યો કોઈપણ વિલંબ વગર નિર્ધારિત સમયમર્યાદામાં જ પૂર્ણ થાય, જેથી રાજકોટના નાગરિકોને તાત્કાલિક ધોરણે તેનો લાભ મળી શકે અને શહેરના સર્વાંગી વિકાસને નવી ગતિ મળી શકે.

દીપોત્સવીના પર્વમાં '૧૦૮' નો મહાસંદેશ

શહેરમાં ૬૬ એમ્બ્યુલન્સ અને ૨૫૦ જવાનો ખડેપગે

જિલ્લામાં સામાન્ય દિવસોની સરખામણીએ દિવાળીથી ભાઈબીજ સુધી ઇમરજન્સી કોલ્સમાં મોટો ઉછાળો

રાજકોટ, તા. ૫

પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી દરમિયાન નાગરિકોની આરોગ્ય સુરક્ષા અને અણધારી તબીબી આપત્તિઓને પહોંચી વળવા માટે ૧૦૮ ઇમરજન્સી મેડિકલ સર્વિસિઝ (ઊખજ) દ્વારા વ્યાપક અને આયોજનબદ્ધ તૈયારીઓ કરવામાં આવી છે. ભૂતકાળના વર્ષોમાં નોંધાયેલા ઇમરજન્સી કેસોના આંકડાકીય વિશ્લેષણ અને વર્તમાન વલણોને આધારે તહેવારો દરમિયાન ઇમરજન્સી કેસોમાં નોંધપાત્ર વધારો થવાની પૂરતી શક્યતાને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લામાં ૬૬ અત્યાધુનિક એમ્બ્યુલન્સ અને ૨૫૦ જેટલા કર્મચારીઓની સુસજ્જ ટીમને ૨૪ કલાક ખડેપગ રાખવાનો નિર્ણય લેવાયો છે. ૧૦૮ના રાજકોટ પ્રોગ્રામ મેનેજર જયેશ કરેણા અને યોગેશ જાનીના જણાવ્યા અનુસાર રાજકોટ જિલ્લામાં સામાન્ય દિવસોમાં દૈનિક સરેરાશ ૨૮૧ ઇમરજન્સી કોલ્સ નોંધાતા હોય છે, જેની સરખામણીએ દિવાળીના દિવસે ૧૬.૭૩ ટકાના વધારા સાથે અંદાજે ૩૨૮, નૂતન વર્ષના દિવસે ૮.૧૯ ટકાના વધારા સાથે ૩૦૪ અને ભાઈબીજના દિવસે ૧૨.૮૧ ટકાના વધારા સાથે અંદાજે ૩૧૭ ઇમરજન્સી કેસ નોંધાવાની આશંકા છે. આ સંભવિત પરિસ્થિતિ સામે જિલ્લામાં એમ્બ્યુલન્સ અને મેડિકલ સ્ટાફને સંપૂર્ણ ક્ષમતા સાથે તૈનાત રખાશે.

માત્ર જિલ્લા કક્ષાએ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યના સ્તરે પણ તહેવારોના દિવસોમાં ઇમરજન્સી કેસોમાં મોટો ઉછાળો આવવાની સંભાવના દર્શાવવામાં આવી છે. છેલ્લા એક વર્ષના આંકડા મુજબ રાજ્યમાં સામાન્ય દિવસોમાં સરેરાશ ૫,૨૪૮ ઇમરજન્સી કેસ નોંધાય છે, જેની સામે આ વર્ષે દિવાળીના દિવસે ૧૬.૪૪ ટકાના વધારા સાથે અંદાજે ૬,૧૧૧, નૂતન વર્ષના દિવસે ૨૯.૧૨ ટકાના આશ્ચર્યજનક વધારા સાથે ૬,૭૭૬ અને ભાઈબીજના દિવસે ૨૨.૯૬ ટકાના વધારા સાથે અંદાજે ૬,૪૫૩ ઇમરજન્સી કેસો નોંધાઈ શકે છે.

તહેવારો દરમિયાન ઇમરજન્સી સેવાઓની જરૂરિયાત વધવા પાછળનું મુખ્ય કારણ રોડ અકસ્માત સહિતના ટ્રોમા કેસોમાં થતો



તીવ્ર વધારો છે. પાછલા આંકડાકીય વિશ્લેષણ મુજબ સામાન્ય દિવસોની સરખામણીએ ટ્રોમા સંબંધિત બનાવોમાં દિવાળીના દિવસે ૮૮.૨૪ ટકા, નૂતન વર્ષના દિવસે ૧૪૦.૮૭ ટકા અને ભાઈબીજના દિવસે ૫૭.૨૮ ટકાનો મોટો વધારો જોવા મળે છે. આ ઉપરાંત ફટાકડાથી દાઝવા, તાવ, શ્વાસોશ્વાસની તકલીફ, હૃદયરોગનો હુમલો કે પેટમાં અચાનક દુખાવા જેવી વિવિધ તબીબી ઇમરજન્સીમાં પણ ૧૦૮ની સેવાઓ અત્યંત નિર્ણયક બની રહે છે.

આ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૧૦૮ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર (ઊછજ) ખાતે 'ઝીરો લીવ' નીતિ અમલી બનાવીને તમામ પ્રકારની સામાહિક રજાઓ પર નિયંત્રણ રાખી ખાસ ડ્યૂટી રોસ્ટર તૈયાર કરવામાં આવ્યું છે. દર્દીઓ સુધી એમ્બ્યુલન્સ ક્ષણના પણ વિલંબ વગર પહોંચી શકે તે માટે મુખ્ય સરકારી અને ખાનગી હોસ્પિટલો ખાતે ફિલ્ડ સ્ટાફ તથા સુપરવાઇઝરી સ્ટાફની તૈનાતી, સ્ટેન્ડબાય સપોર્ટ ટીમોની વ્યવસ્થા અને તમામ એમ્બ્યુલન્સનું અગાઉથી જ સઘન સર્વિસિંગ અને મેન્ટેનન્સ પૂર્ણ કરી લેવાયું છે. વાહનોમાં કોઈ તકનીકી ખામી કે બ્રેકડાઉન ન સર્જાય તેની તકેદારી સાથે જરૂરી દવાઓ અને મેડિકલ કન્ઝ્યુમેબલ્સનો વધારાનો જથ્થો પણ ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. ૧૦૮ના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશવંત પ્રજાપતિએ વિગતો આપતાં જણાવ્યું હતું કે તહેવારોની રોનક વચ્ચે નાગરિકોને સમયસર અને અસરકારક સારવાર મળે તે માટે સમગ્ર ટીમ પૂર્ણ તૈયારી સાથે સજ્જ છે. આ સાથે જ તેમણે ગુજરાતના નાગરિકોને દીપોત્સવીની શુભકામનાઓ પાઠવતાં વાહન ચલાવતી વખતે ટ્રાફિક નિયમોનું પાલન કરવા, ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવા અને ખાદ્યપદાર્થોના સેવનમાં કાળજી રાખવા અપીલ કરી છે. કોઈ પણ પ્રકારની ઇમરજન્સીમાં વિલંબ કર્યા વગર તાત્કાલિક ૧૦૮ પર સંપર્ક કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

મનપા દ્વારા શહેરમાં વિકાસના કાર્યોને સમયસર અને ગુણવત્તાસભર પૂર્ણ કરાવવા કડક વલણ

AIIMSને જોડતા બ્રિજ મામલે ૫૦ લાખનો દંડ

માત્ર ૬ મહિનાના પ્રોજેક્ટને અઢી વર્ષ લગાડનાર એજન્સીને આર્થિક ફટકો : જનરલ બોર્ડમાં કોર્પોરેટરોની ટકોર રંગ લાવી

રાજકોટ, તા. ૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિકાસના કાર્યોને સમયસર અને ગુણવત્તાસભર પૂર્ણ કરાવવા માટે હવે અત્યંત કડક વલણ અપનાવવામાં આવ્યું છે. તાજેતરમાં મળેલા જનરલ બોર્ડમાં મેયર ડો. નેહલ શુક્લ દ્વારા કામમાં બેદરકારી કે લાપરવાહી દાખવનાર એજન્સીઓ સામે લાલ આંખ કરવા અને સખત પગલાં લેવા માટે સ્પષ્ટ આદેશો આપવામાં આવ્યા હતા, તેમજ જરૂર પડ્યે નવા કડક નિયમો લાવવાની તૈયારી પણ દર્શાવાઈ હતી. મેયરના આ આદેશ બાદ તંત્ર દ્વારા કામચોર કોન્ટ્રાક્ટરો સામે સપાટો બોલાવી દેવામાં આવ્યો છે. જેના પ્રથમ ઉદાહરણ રૂપે અઈંઈખજને જોડતા શાંતિનગર નજીકના બ્રિજ નિર્માણમાં વિલંબ કરનાર એજન્સી સામે મનપાએ હિસાબ ચૂકતે કર્યો છે.

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડથી શાંતિનગર તરફ જતા માર્ગ પર આવેલ વોકળા પર રૂ. ૫.૫ કરોડના ખર્ચે બ્રિજ બનાવવાની જવાબદારી વર્ષ ૨૦૨૩માં 'એમ્પલ કન્સ્ટ્રક્શન' નામના કોન્ટ્રાક્ટરને સોંપાઈ હતી. ટેન્ડરની શરતો મુજબ આ પ્રોજેક્ટ માત્ર ૬ મહિનાની અંદર પૂરો કરવાનો હતો. જોકે કોન્ટ્રાક્ટરની ઢીલી નીતિ અને બેદરકારીના કારણે આ કામ પૂરું થવામાં અઢી વર્ષ (૨.૫ વર્ષ) જેટલો લાંબો સમય નીકળી ગયો હતો. તંત્ર દ્વારા અગાઉ વારંવાર નોટિસો ફટકારવામાં આવી હોવા છતાં એજન્સીએ તેને ગાંડાઈમાં કાઢી હતી. સામાન્ય રીતે સાઇડ ક્લિયરન્સ કે યુટિલિટી શિફ્ટિંગ જેવા કારણોસર સમયમર્યાદામાં છૂટછાટ મળતી હોય છે. કોન્ટ્રાક્ટરે બચાવમાં જમીન સોંપણી અને વોકળામાં પાણી જેવા બહાના રજૂ કર્યા હતા, પરંતુ તંત્રની ઝીણવટભરી તપાસમાં આ તમામ દાવાઓ ખોટા સાબિત થયા હતા. વોકળામાં પાણી આવ્યા બાદ અને રસ્તો ખુલ્લો થયા પછી પણ જે અસાધારણ વિલંબ થયો હતો, તેને ગંભીરતાથી લઈને મનપાએ કોન્ટ્રાક્ટરને રૂ. ૧૫ લાખ નહીં પણ સીધો રૂ. ૫૦ લાખનો ભારે દંડ ફટકાર્યો છે, અને આ દંડની રકમ બાદ કરીને જ તેને ફાઇનલ પેમેન્ટ ચૂકવાયું છે.

અગાઉ મનપાના પ્રોજેક્ટ્સ અટકે ત્યારે વિવિધ બહાના હેઠળ એજન્સીઓને પેનલ્ટીમાં રાહત મળી જતી હતી કે દંડ માફ થઈ જતો હતો. પરંતુ હવે મનપાએ કડક શિસ્ત અમલી બનાવી છે. જો કોઈપણ કામ નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ નહીં થાય, તો દરરોજ પ્રોજેક્ટ કોસ્ટના ૦.૦૧ ટકા લેખે સીધો દંડ વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે. મનપાના આ કડક વલણથી સામાન્ય પ્રજાને મોટો ફાયદો થશે. અટવાયેલા કામો સમયસર પૂરા થવાથી નાગરિકોને ટ્રાફિક જામ અને આવાગમનની હાલાકીમાંથી કાયમી મુક્તિ મળશે અને પ્રજાના નાણાંનો સદુપયોગ થશે. તંત્રના આ ધાકધમકી વગરના કડક પગલાંથી હવે પછી કોઈપણ કોન્ટ્રાક્ટર વિકાસ કાર્યોમાં લાપરવાહી દાખવવાની હિંમત નહીં કરે.

મનપાના આ કડક પગલાંને કારણે સામાન્ય પ્રજાને લાંબા ગાળે ખૂબ મોટો ફાયદો થશે કારણ કે જે પ્રોજેક્ટ્સ વર્ષો સુધી અટવાઈ રહેતા હતા તે હવે સમયસર પૂરા થવાથી નાગરિકોને ટ્રાફિક જામ અને આવાગમનની કાયમી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે તેમજ સરકારી નાણાંનો યોગ્ય અને સમયસર ઉપયોગ સુનિશ્ચિત થશે અને મનપાના આ કડક વલણને કારણે ભવિષ્યમાં કોઈપણ કોન્ટ્રાક્ટર કે એજન્સી વિકાસ કાર્યોમાં લાપરવાહી કે બેદરકારી દાખવતા પહેલા સો વાર વિચાર કરશે કારણ કે હવે મહાનગરપાલિકા દ્વારા સમયની સાથે ગુણવત્તા અને નિયમપાલન પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે

